RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 156* Date: 04.04.2022 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

ઈમરાન ખાનને મોટી રાહત

# પાકિસ્તાનની નેશનલ અસેંબલીમાં અવિશ્વાસ પ્રસ્તાવ રદ

ઈસ્લામાબાદ,તા.૩

પાકિસ્તાનની નેશનલ અસેંબલીમાંથી ઈમરાન ખાન વિરુદ્ધના અવિશ્વાસ પ્રસ્તાવને ફગાવી દેવામાં આવ્યો છે. અવિશ્વાસ પ્રસ્તાવ રદ થયાં બાદ ઈમરાન ખાને પાકિસ્તાનની જનતાને સંબોધન કર્યું હતું. જેમાં તેમણે રાષ્ટ્રપતિ પાસે સંસદભંગની માગ કરી છે અને વહેલામાં વહેલી તકે દેશમાં ચૂંટણી કરાવાની માગ કરી છે.



જે બાદ રાષ્ટ્રપતિએ સંસદ ભંગ કરી છે, અને આગામી ૯૦ દિવસની અંદર પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણી યોજાશે. પાકિસ્તાનના મંત્રી ફવાદ ચૌધરીએ કહ્યું કે, સંવિધાનના અનુચ્છેદ ૨૨૪ અંતર્ગત પ્રધાનમંત્રી પોતાના કર્તવ્યો ચાલુ રાખશે. મંત્રીમંડળ ભંગ કરવામાં આવ્યું છે.

પાકિસ્તાનની નેશનલ અસેંબલીમાં ઈમરાન ખાન સરકાર વિરુદ્ધ લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવને ફગાવી દેવામાં આવ્યો છે. ડેપ્યુટી સ્પિકર કાસિમ ખાન સૂરીએ વિદેશી ષડયંત્રાનો આરોપ લગાવીને નેશનલ અસેંબલીમાં ડેપ્યુટી સ્પિકર કાસિમ ખાન સૂરીએ અવિશ્વાસ પ્રસ્તાવને ફગાવી દીધો છે. અને સદનમાં વોટિંગ થવા દીધું નહોતું. તેની સાથે જ પાકિસ્તાનની નેશનલ અસેંબલીની કાર્યવાહી પણ સ્થગિત કરી દેવામા આવી હતી. સંસદની આગામી બેઠક ૨૫ એપ્રિલે આયોજીત કરવામાં આવશે.

પાકિસ્તાનના ગૃહમંત્રી શેખ રશીદે દાવો કર્યો છે. પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાનની ધરપકડ થઈ શકે છે. શેખ રશીદે કહ્યું કે, મને લાગે છે કે, તે ઈમરાન ખાનને ધરપકડ કરી શકે છે. તેઓ ઈમરાન ખાનને સાંખી નહીં લે. એકસો પંચાવન સભ્યો રાજીનામા આપી શકે છે, જે લોકતંત્ર માટે મોટો ખતરો છે. આ સ્થિતિનું એક માત્ર સમાધાન ચૂંટણી છે. શેખ રશીદે કહ્યું કે, પાકિસ્તાનની એજન્સીઓએ દખલ આપવી જોઈએ અને ચૂંટણીનો રસ્તો સ્પષ્ટ કરવો જોઈએ.

પીએમ ઈમરાન ખાન આજે નેશનલ અસેંબલીમાં અવિશ્વાસ પ્રસ્તાવનો સામનો કરવા તૈયાર થયા છે. આ તમામની વ્ચે જિલ્લા પ્રશાનસે ઈસ્લામાબાદમાં કલમ ૧૪૪ લાગૂ કરી દીધી છે.

પાકિસ્તાનમાં રાજકીય સંકટ વચ્ચે એક નવો રાજકિય યુદ્ધ છેડાઈ ગયો છે. 'કેપ્ટન પ્લાન બી' સફળ થયો છે. રવિવારે નેશનલ એસેમ્બલીમાં ઈમરાન સરકારના મંત્રી ચૌધરી ફવાદ હુસૈને 'પ્લાન બી' અજમાવ્યો અને વિપક્ષ થોડી જ ક્ષણોમાં ભોંયતળીયે થઇ ગયો.

નેશનલ એસેમ્બલીમાં ફવાદ હુસૈને કહ્યું કે અવિશ્વાસ પ્રસ્તાવ સામાન્ય રીતે લોકતાંત્રિક અધિકાર છે. બંધારણની કલમ ૯૫ હેઠળ અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરવામાં આવી છે, પરંતુ કમનસીબે તે વિદેશી સરકાર દ્વારા સત્તા પરિવર્તન માટે અસરકારક કામગીરી છે. તેમના સંબોધનની ક્ષણો પછી, નેશનલ એસેમ્બલીના ડેપ્યુટી સ્પીકર, કાસિમ ખાન સુરીએ, અવિશ્વાસ પ્રસ્તાવને નકારી કાઢ્યો અને કાર્યવાહી સ્થગિત કરી દીધી. ડેપ્યુટી સ્પીકરે વિદેશી ષડયંત્રાનો આરોપ લગાવતા અવિશ્વાસ પ્રસ્તાવને ફગાવી દીધો હતો. સાથે જ કહ્યું કે તે ગેરબંધારણીય છે.

ભૂતકાળમાં ઈમરાન ખાન સરકારમાં માહિતી અને પ્રસારણ મંત્રી ફવાદ ચૌધરીએ સનસનાટીભર્યો દાવો કર્યો હતો કે પીએમ ઈમરાન ખાનની હત્યા થઈ શકે છે અને સુરક્ષા એજન્સીઓને તેના ષડયંત્રાની માહિતી મળી છે. આવા અહેવાલો મળ્યા બાદ ઈમરાન ખાનની સુરક્ષા વધારી દેવામાં આવી હતી. આ પહેલા પીટીઆઈ નેતા ફૈઝલ વાવડાએ પણ આવો જ દાવો કર્યો હતો.

એક ઈન્ટરવ્યુમાં ઈમરાન ખાને કહ્યું હતું કે તેમની પાસે એક કરતા વધારે પ્લાન છે. તેઓ કહે છે કે કોઈએ ચિંતા કરવાની જરૂર નથી. એક કેપ્ટન હંમેશા એક કરતા વધુ પ્લાન ધરાવે છે. મારી પાસે પણ એક પ્લાન છે. જો અલ્લાહ ચાહે તો આપણે જીતવાના છીએ. હું ગૃહમાં તેમના પ્રસ્તાવને હરાવીશ, પરંતુ ઈમરાને તેમની યોજના જાહેર કરી નથી. જોકે, અવિશ્વાસ પ્રસ્તાવ ફગાવી દેવાયા બાદ ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે કે આ ઈમરાનનો ગુપ્ત પ્લાન હતો.

આ સમગ્ર ઘટના બાદ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને કહ્યું કે મેં રાષ્ટ્રપતિને વિધાનસભા ભંગ કરવાની સલાહ મોકલી છે. ચૂંટણીઓ થવી જોઈએ અને લોકો નક્કી કરે કે તેઓ કોને ઈચ્છે છે. બહારથી કોઈ કાવતરું ન થવા દો અને આવા ભ્રષ્ટ લોકો આ દેશનું ભાવિ નક્કી કરે. હું આજે મારા સમુદાયને કહું છું કે તમે ચૂંટણીની તૈયારી કરો, દેશમાંથી જે મોટું ષડયંત્ર કરવામાં આવી રહ્યું હતું તે આજે નિષ્ફળ ગયું છે.

વિપક્ષે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો. સુપ્રીમ કોર્ટે વિપક્ષની અરજી પર સુનાવણી માટે વિશેષ બેંચની રચના કરી છે. આવી સ્થિતિમાં એમ કહી શકાય કે પાકિસ્તાનમાં રાજકીય ઉથલપાથલ ચાલુ છે.

## કાશ્મીરી પંડિતોને સંઘ સુપ્રિમોનો સાથ, તમારે એવી રીતે વસવાનું છે કે તમે ફરીથી ક્યારેય ન ઉજડો

,નવીદિલ્હી,તા.૩

આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું કે કાશ્મીરી પંડિતોએ આવતા વર્ષે તેમની માતૃભૂમિમાં સ્થાયી થવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ. તે જ સમયે, ભાગવતે કહ્યું કે તેઓએ એવી રીતે વસવુ જોઈએ કે તેઓ ભવિષ્યમાં ફરી ક્યારેય બરબાદ ન થાય. આરએસએસના વડાએ એમ પણ કહ્યું કે ફિલ્મ 'ધ કાશ્મીર ફાઇલ્સ'એ માત્ર વિસ્થાપિત કાશ્મીરી પંડિતોની દુર્દશા દર્શાવી નથી પરંતુ દેશને હચમચાવી નાખ્યો છે. ભાગવતે ત્રણ દિવસીય નવરેહ ઉત્સવના છેલ્લા દિવસે આ વાત કરી હતી.



ભાગવતે કાશ્મીરી પંડિત સમુદાયને ઓનલાઈન સંબોધિત કરતા કહ્યું, 'કેટલાક લોકો કાશ્મીર ફાઈલના સમર્થનમાં છે, કેટલાક તેને અર્ધસત્ય કહી રહ્યા છેપ તેણે માત્ર વિસ્થાપિતોની પીડા જ રજૂ કરી નથી. ઊલટાનું આપણને હચમચાવી દીધા છે.

ભાગવતે કહ્યું કે કાશ્મીરી પંડિતોને ત્યાંથી જવા માટે કોઈ દબાણ કરી શકે નહીં. અને જો કોઈ પ્રયત્ન કરશે તો તેને પરિણામ ભોગવવા પડશે. સંઘ સુપ્રિમોએ કહ્યું, '૨૦૧૧માં, અમે પાછા આવવા માટે આવું જ સમર્પણ કર્યું હતું, પરંતુ તે સમય નહોતો. હવે સમય આવી ગયો છે કે આપણે આપણી પોતાની શરતો પર પાછા આવીએ અને ત્યાં સ્થાયી થઈએ, તમારે ત્યાં સ્થાયી થવાની જરૂર નથી, પરંતુ એવી રીતે વસવાનું છે કે જેથી તમે ફરીથી બરબાદ ન થઈ જાઓ.

બીજેપીના જમ્મુ અને કાશ્મીર યુનિટના પ્રવક્તા જીએલ રૈનાના જણાવ્યા અનુસાર, આ પ્રથમ વખત હશે જ્યારે ભાગવતે કાશ્મીરી પંડિત સમુદાયને સંબોધિત કર્યા.

ભાગવતે કહ્યું, 'આ ત્રણ દિવસીય કાર્યક્રમમાં આપણે આપણા પૂર્વજોના વ્યક્તિત્વને યાદ કરીએ છીએ, પ્રેરણા લઈએ છીએ, સંકલ્પ લઈએ છીએ અને તેથી જ આ તહેવારનું નામ શૌર્ય દિવસ રાખ્યો છે. દરેક પ્રકારના જીવનમાં સંજોગો આવે છે અને જાય છે.

## દેશમાં કોરોનાના નવા ૧૦૯૬ કેસ,૮૧ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૩

દેશમાં આજે કોરોના વાયરસ રોગચાળાના નવા કેસોમાં ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૧૦૯૬ નવા કેસ નોંધાયા છે અને ૮૧ લોકોના મોત થયા છે. ગઈકાલે કોરોનાના ૧૨૬૦ કેસ નોંધાયા હતા અને ૮૩ લોકોના મોત થયા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, ગઈકાલે દેશમાં ૧ હજાર ૪૪૭ લોકો સાજા થયા હતા, ત્યારબાદ સક્રિય કેસની સંખ્યા ઘટીને ૧૩ હજાર ૧૩ થઈ ગઈ છે. તે જ સમયે, આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૫ લાખ ૨૧ હજાર ૩૪૫ થઈ ગઈ છે. માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૪ કરોડ ૨૪ લાખ ૯૩ હજાર ૭૭૩ લોકો ચેપ મુક્ત થઈ ચૂક્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૪ કરોડ ૩૦ લાખ ૨૮ હજાર ૧૩૧ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે.

દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના ૧૮૪ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. ગઈકાલે ૧૨ લાખ ૭૫ હજાર ૪૯૫ ડોઝ આપવામાં આવ્યા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં રસીના ૧૮૪ કરોડ ૬૬ લાખ ૮૬ હજાર ૨૬૦ ડોઝ આપવામાં આવ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨ કરોડ (૨,૩૪,૧૮,૬૧૭) થી વધુ નિવારક રસીઓ આરોગ્ય કર્મચારીઓ, કોરોના યોદ્ધાઓ અને અન્ય રોગોથી પીડિત ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવી છે. દેશમાં કોવિડ વિરોધી રસીકરણ અભિયાન ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧ થી શરૂ થયું હતું અને પ્રથમ તબક્કામાં આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવી હતી. તે જ સમયે, કોરોના યોદ્ધાઓ માટે રસીકરણ અભિયાન ૨ ફેબ્રુઆરીથી શરૂ થયું હતું.

## લાઉડ સ્પીકર નહીં હટાવાય તો મસ્જિદો બહાર હનુમાન ચાલીસા વાગશે : રાજ ઠાકરે

,મુંબઈ,તા.૩

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના પ્રમુખ રાજ ઠાકરેએ રાજ્ય સરકાર પાસે મસ્જિદોમાંથી લાઉડ સ્પીકર હટાવવા માંગ કરી હતી. મુંબઈના શિવાજી પાર્કમાં એક રેલીમાં તેમના સમર્થકોને સંબોધતા રાજ ઠાકરેએ કહ્યું હતું કે, મસ્જિદમાં લાઉડ સ્પીકર આટલા ઊંચા અવાજે કેમ વગાડવામાં આવે છે. જો તે બંધ કરવામાં આવશે નહી તો મસ્જિદની બહાર હનુમાન ચાલીસા વગાડવામાં આવશે. હું પ્રાર્થના કે કોઈ ધર્મની વિરુધ્ધ નથી. પરંતુ મને મારા ધર્મ ઉપર ગર્વ છે. ધર્મના ગર્વની વાત સાથે જ રાજ ઠાકરેએ અનેક લોકો ઉપર શાબ્દિક આકરા પ્રહારો કર્યા હતા અને મહારાષ્ટ્ર સરકારને મસ્જિદોમાં લાઉડ સ્પીકર બંધ કરાવવા માટે કડક શબ્દોમાં અપીલ કરી હતી અને કહ્યું હજતું કે અમે હનુમાન ચાલીસા વગાડીશું.



મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે ઉપર નિશાન તાકતા કહ્યું હતું કે, સીએમએ ચૂંટણી દરમિયાન જે તાકતોનો વિરોધ કર્યો હતો તેની સાથે ગઠબંધન કરીને જ સરકાર ચલાવી રહ્યા છે. રાજ ઠાકરેએ વધુમાં ઉમેર્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેવેન્દ્ર ફડનવીસને હમેશા મુખ્યમંત્રીના રૂપમાં રજૂ કર્યા હતા અને ઉધ્ધવે ક્યારેય એક પણ શબ્દ કહ્યો નહોતો. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ તેમને મુખ્યમંત્રી બની અને વિપક્ષી દળો સાથે ગઠબંધન કરવાનો વિચાર આવ્યો.

રાજ ઠાકરેએ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી એનસીપી ઉપર પણ શાબ્દિક હુમલો કર્યો અને રાકાંપ ઉપ ગઠબંધન બાદ રાજ્યમાં જાતિ આધારિત અરાજકતા અને નફરત ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, આજે લોકો રાજ્યમાં જાતિના મુદ્દે લડી રહ્યા છે. આપણે ક્યારે આ બધામાંથી બહાર નીકળીને હિન્દુ બનીશું? રાજ ઠાકરેએ હાલમાં જ મુંબઈમાં ધારાસભ્યોને ઘર આપવાની રાજ્ય સરકારની જાહેરાતની પણ આલોચના કરી હતી. તેમણે કહ્યું હતું કે, તેનું પેન્શન પહેલાથી બંધ કરવાની જરૂર છે. શું તેઓ તેના કામથી લોકો ઉપર ઉપકાર કરી રહ્યા છે? તેના બંગલા લઈ લો અને તેના ઘર ફરીથી તેને આપી દો. આ યોજનામાં મુખ્યમંત્રીને શું સારું લાગી રહ્યું છે? આવા આકરા પ્રહારો સાથે અનેક વખત મસ્જીદ બહાર હનુમાન ચાલીસા વગાડવાની ધમકી આપી હતી.

## બ્રિટનમાં કોરોનાનો નવો વેરિઅન્ટ એકસઇ મળી આવ્યો

,લંડન,તા.૩

કોરોના વાયરસના નવા મ્યુટન્ટ એકસઇ દહેશત વધારી છે. તે ઓમીક્રોનના બીએ.૨ વેરિઅન્ટ કરતાં વધુ ચેપી હોવાનું કહેવાય છે. જો કે, ટાટા ઇન્સ્ટિટ્યૂટ ફોર જિનેટિક્સ એન્ડ સોસાયટીએ દેશના નાગરિકોનએ ગભરાવાની જરૂર નથા અને તેના પર કડક નજર રાખવાની અપીલ કરી છે. ડૉ. રાકેશ મિશ્રા, ટાટા ઇન્સ્ટિટ્યૂટ ફોર જીનેટિક્સ એન્ડ સોસાયટીના ડિરેક્ટરે કહ્યું કે નવું મ્યુટન્ટ પ્રથમ જાન્યુઆરીના મધ્યમાં બહાર આવ્યું હતું, પરંતુ હું માનું છું કે ગભરાવાની જરૂર નથી. વિશ્વભરમાં અત્યાર સુધીમાં માત્ર ૬૦૦ કેસ નોંધાયા છે. પરંતુ આપણે તેના પર નજીકથી નજર રાખવાની જરૂર છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના તાજેતરના અહેવાલ મુજબ, એકસઈ અત્યાર સુધી નોંધાયેલા કોવિડ-૧૯ ના કોઈપણ પ્રકાર કરતાં વધુ ઝડપથી ફેલાઈ શકે છે. તેમણે કહ્યું કે એવા કોઈ સંકેત નથી કે તે કોવિડ -૧૯ ની નવી લહેર તરફ દોરી શકે છે. હજી સુધી એવા કોઈ સંકેત નથી કે આ નવું પ્રકાર કોવિડ તરંગનું કારણ બની શકે તેટલું મજબૂત છે. તે કેટલું ચેપી હોઈ શકે છે તેના પર સ્પષ્ટપણે કંઈપણ કહી શકીએ તે પહેલાં આપણે થોડી રાહ જોવી પડશે. ડો. મિશ્રાએ એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે વાયરસના ફેલાવાને રોકવા માટે તમામ સલામતીના પગલાં લેવા જરૂરી છે.



તેમણે કહ્યું, તે દુર્ભાગ્યપૂર્ણ છે કે સમાજનો એક વર્ગ રોગચાળો સમાપ્ત થઈ ગયો હોવાનું જાહેર કરવા ઉત્સુક છે. લોકોએ માસ્કનો ઉપયોગ કરીને, ધારાધોરણો મુજબ રસીકરણ કરીને અને જ્યાં પરવાનગી હોય ત્યાં બૂસ્ટર ડોઝ લગાવીને ભીડવાળી જગ્યાએ એકઠા થવાનું ટાળવું જોઈએ. માસ્ક પહેરીને એક જવાબદાર નાગરિક હોવાનો પરિચય આપો. દરમિયાન, આજે દેશમાં ૧,૨૬૦ કોવિડ -૧૯ કેસ નોંધાયા હતા, જેમાં કોરોના વાયરસના ચેપની કુલ સંખ્યા ૪,૩૦,૨૭,૦૩૫ થઈ ગઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૮૩ લોકોના મોત થયા છે.

## પેટ્રોલ બાદ હવે ડીઝલે પણ 'સદી' લગાવી : આંધ્રપ્રદેશના ચિત્તૂરમાં ભાવ રૂ.૧૦૫.૫૨

,ચિત્તુર,તા.૩

દેશમાં રવિવારે લગભગ બે અઠવાડિયામાં ૧૧મી વખત વાહનોના ઈંધણના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. આ સાથે દેશના તમામ મોટા શહેરોમાં પેટ્રોલ ૧૦૦ રૂપિયા પ્રતિ લિટરને પાર પહોંચી ગયું છે. જ્યારે ડીઝલ પણ કેટલીક જગ્યાએ 'સદી'ને પાર કરી ગયું છે. રવિવારે પેટ્રોલ અને ડીઝલ બંનેના ભાવમાં પ્રતિ લિટર ૮૦-૮૦ પૈસા જેટલો વધારો કરવામાં આવ્યો છે.

પેટ્રોલિયમ કંપનીઓના પ્રાઇસ નોટિફિકેશન મુજબ, રાજધાનીમાં પેટ્રોલની કિંમત હવે ૧૦૨.૬૧ રૂપિયા પ્રતિ લિટરથી વધીને ૧૦૩.૪૧ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. જ્યારે ડીઝલની કિંમત ૯૩.૮૭ રૂપિયાથી વધીને ૯૪.૬૭ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. દેશભરમાં સ્થાનિક ટેક્સના કારણે ઈંધણના ભાવોમાં ફેરફાર હોય છે. ૨૨ માર્ચ પછી વાહનના ઈંધણના ભાવમાં આ ૧૧મો વધારો છે. અગાઉ, લગભગ સાડા ચાર મહિના સુધી વાહનના ઈંધણના ભાવમાં વધારો કરવામાં આવ્યો ન હતો. એકંદરે, આ દરમિયાન પેટ્રોલ રૂ. ૮ પ્રતિ લિટર મોંઘું થયું છે.

રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં ડીઝલ સદીને વટાવી ગયું છે. ચેન્નઈ અને ભોપાલમાં ડીઝલ ૯૯ રૂપિયા પ્રતિ લીટરને વટાવી ગયું છે. આંધ્રપ્રદેશના ચિત્તૂરમાં ડીઝલ સૌથી મોંઘુ એટલે કે ૧૦૫.૫૨ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયું છે. તે જ સમયે રાજસ્થાનના શ્રી ગંગાનગરમાં પેટ્રોલની કિંમત સૌથી વધુ એટલે કે ૧૨૦.૬૫ રૂપિયા પ્રતિ લિટર છે.

## તંત્રી સ્થાનેથી...

# દેશહિતની કૂટનીતિ

છેલ્લા થોડા દિવસોથી નવી દિલ્હીમાં વિદેશી હસ્તીઓની લાઈન લાગી છે, જે ભારતની વધતી મહત્તાનું સૂચક છે. છેલ્લા દસ દિવસમાં કદાચ જ કોઈ દિવસ એવો ગયો હશે, જયારે કોઈ વિદેશી રાજદ્વારી ભારત ન આવ્યા હોય. તેમાં જાપાનના વડાપ્રધાનથી માંડીને ઓસ્ટ્રેલિયા, ગ્રીસ, ઓમાન, બ્રિટન, ચીન, મેક્સિકોના વિદેશ મંત્રી અને જર્મની, યુરોપીય સંઘના વિશેષ પ્રતિનિધિ અને અમેરિકાના ઉપરાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સુદ્ધાં સામેલ છે. આ બધા વચ્ચે ભારતીય વડાપ્રધાન મોદીની ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સાથે વર્ચ્યુઅલ વાત પણ થઈ છે. રશિયાના વિદેશ મંત્રી બાદ નેપાળના વડાપ્રધાન પણ ભારત આવવાના છે. ઇઝરાયલી વડાપ્રધાને પણ ભારત આવાનું હતું, પરંતુ તેઓ કોરોના ગ્રસ્ત થઈ જવાને કારણે તેમની યાત્રા ટળી ગઈ. આ દરમ્યાન ભારતીય વિદેશ મંત્રી માલદીવ અને શ્રીલંકા ગયા, ત્યાં જ વડાપ્રધાન મોદીએ બિમ્સટેક દેશોના શિખર સંમેલનને સંબોધિત કર્યું. આ એ ક્ષેત્રીય સહયોગ સંગઠન છે, જેના માધ્યમથી એ ખામીને દૂર કરી શકાય છે, જે દક્ષેસ સંગઠન નિષ્પ્રભાવી હોવાને કારણે જોવા મળી રહી હતી. એ પણ ધ્યાન રહે કે યુક્રેન સંકટ દરમ્યાન જ ભારતની સદસ્યતાવાળા ક્વોડ દેશોના સત્તાધીશોમાં પણ સંવાદ થયો છે.


તેના પહેલાં એવા કોઈ કાળખંડ યાદ આવવો કઠિન છે, જયારે ભારત વિશ્વના મુખ્ય દેશોના કેન્દ્રમાં આ પ્રકારનો આવ્યો હશે. આ સ્થિતિ એટલા માટે બની, કારણે આજે દરેક દેશ એ સમજી રહ્યો છે કે ભારત એક ઊભરતી શક્તિ છે અને તેની સાથે સહયોગ-સંપર્ક રાખવો જરૂરી છે. ભારતના આ આંતરરાષ્ટ્રીય મહત્ત્વ પાછળ ભારતીય વડાપ્રધાનની એ કૂટનીતિક સક્રિયતા છે, જે તેમણે છેલ્લાં સાત-આઠ વર્ષમાં અને ત્યાં સુધી કે કોરોના કાળમાં પણ અપનાવી. એ સહજ રીતે સમજી શકાય છે કે ભારત કેન્દ્રિત કૂટનીતિક સક્રિયતાનું એક મોટું કારણ યુક્રેન સંકટ છે. આ સંકટનું સમાધાન ચાહે જે રૂપે થાય, એ નક્કી છે કે વિશ્વ વ્યવસ્થામાં બદલાવ થવા જઈ રહ્યો છે અને તેમાં ભારતની એક મોટી ભૂમિકા હશે તે નક્કી છે. આ જ કારણે જ્યાં કેટલાય પશ્ચિમી દેશો યુક્રેન મામલે ભારતને પોતાના પક્ષમાં ખેંચવાની કોશિશ કરી રહ્યા છે, ત્યાં જ કેટલાક ભારત પાસેથી એ જાણવા માંગે છે કે રશિયા પર લગાવાયેલા પ્રતિબંધોની અસરનો સામનો કેવી રીતે કરવો? યુક્રેન સંકટને લઈને ભારતે જે રીતે કોઈપણ પક્ષમાં ઊભા રહેવાને બદલે પોતાના હિતોને જ સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની પોતાની નીતિને રેખાંકિત કરી છે, તેના પર તેણે અડગ રહેવું જોઇએ, બલ્કે તેના માટે સક્રિય પણ થવું જોઇએ કે રશિયા અને યુક્રેન વચ્ચે કોઈ સમજૂતી કઈ રીતે થાય?

# આપ માત્ર મીડિયા દ્વારા વાતાવરણ બનાવી રહી છે : કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે

નવીદિલ્હી,તા.૩

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે ગુજરાતમાં પ્રચાર કરી રહેલા આપના રાષ્ટ્રીય અધ્યક્ષ અરવિંદ કેજરીવાલ પર નિશાન સાધ્યું છે. ઠાકુરે કહ્યું કે આપ માત્ર મીડિયા દ્વારા વાતાવરણ બનાવી રહી છે, જ્યારે ગુજરાતમાં પાયાના સ્તરે તેનો કોઈ પત્તો નથી. ઠાકુરે કહ્યું, "અરવિંદ કેજરીવાલ ભૂતકાળમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે ચૂંટણી લડી ચુક્યા છે, તમે તેમની હાલત જોઈ હશે. તેઓ ઉત્તર પ્રદેશમાં એક પણ સીટ જીતી શક્યા ન હતા, શું તમે ઉત્તરાખંડ, ગોવામાં તેમની હાલત જોઈ હતી? તેઓ મીડિયા દ્વારા વાતારણ ઉભો કરી રહ્યા છે પરંતુ જમીન પર કંઈ નથી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરતા ઠાકુરે તેમને વિશ્વના સૌથી લોકપ્રિય નેતા ગણાવ્યા અને કહ્યું કે દેશમાં જયાં પણ ચૂંટણી થાય છે ત્યાં ભાજપને તેમના નામે એકતરફી મત મળે છે. તેમણે કહ્યું કે વર્ષના અંતમાં હિમાચલ પ્રદેશ અને ગુજરાતમાં ભાજપ ફરી આવશે. ઠાકુરને તાજેતરમાં પૂર્ણ થયેલી પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની જંગી હાર વિશે પણ પૂછવામાં આવ્યું હતું. આના પર, તેમણે કહ્યું કે પાર્ટી રાજયમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી જીતશે. "અમે પંજાબમાં ખૂબ મોડેથી પ્રચાર શરૂ કર્યો, પરંતુ અમારી સીટોમાં ઘટાડો થયો નથી, અમારો વોટ શેર પણ વધ્યો છે. અમે પંજાબમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં રાજયમાં સત્તામાં આવીશું.

# મુસ્લિમો અને પંડિતો એકસરખા છે, તેમના ડીએનએ ટેસ્ટ કરાવવામાં આવે તો પરિણામ સરખું જ આવશે :સ્વામી



નવીદિલ્હી,તા.૩

ભારતીય જનતા પાર્ટીના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું હતું કે, કાશ્મીરમાંથી પંડિતોના હિજરત માટે તત્કાલિન વડાપ્રધાન વિશ્વનાથ પ્રતાપ સિંહ અને તત્કાલીન કેન્દ્રીય ગૃહ પ્રધાન મુફ્તી મોહમ્મદ સઈદ જવાબદાર હતા, કાશ્મીરના તત્કાલીન મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લા નહીં. સ્વામીનું આ નિવેદન ફિલ્મ 'ધ કાશ્મીર ફાઈલ્સ' 'પર ચાલી રહેલા વિવાદ વચ્ચે આવ્યું છે. આ ફિલ્મમાં ઘાટીમાંથી કાશ્મીરી પંડિતોની હિજરતને દર્શાવવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, ભાજપ શાસિત ઘણા રાજ્યોએ આ ફિલ્મને ટેક્સ ફ્રી કરી છે.

જમ્મુ અને કાશ્મીર પીસ ફોરમ દ્વારા આયોજિત આંતર-સમુદાયિક સાંસ્કૃતિક ઉત્સવ 'નવરેહ મિલન' પ્રસંગે સ્વામીએ કહ્યું, "મુસ્લિમો અને પંડિતો એકસરખા છે. ડીએનએ ટેસ્ટ કરવામાં આવે તો પરિણામ સરખું જ આવશે." કાશ્મીરી પંડિતો સાથે અન્યાય થઈ રહ્યો છે, તમે પોતે જ આ કહો છો. આખો દોષ ફારુક અબ્દુલ્લા પર નાખવામાં આવી રહ્યો છે, પરંતુ તે માટે વીપી સિંહ અને મુફ્તી મોહમ્મદ સઈદજવાબદાર હતા.

સઈદની પુત્રી રૂબિયા સઈદના 'અપહરણ'ની ઘટનાને યાદ કરતાં ભાજપના નેતા સ્વામીએ કહ્યું કે, આજ સુધી એ સ્પષ્ટ નથી થયું કે રુબિયાનું અપહરણ કેવી રીતે થયું હતું. તેમણે કહ્યું કે, રૂબિયાની મુક્તિ માટે સરકારે જેકેએલએફના કેટલાક ધરપકડ કરાયેલા આતંકવાદીઓને મુક્ત કરવા પડ્યા હતા. તેણે કહ્યું, મને સમજાતું નથી કે આ બધું કેવી રીતે થયું ? કારણ કે જયારે હું ચંદ્રશેખરની સરકારમાં મંત્રી હતો ત્યારે પણ જેકેએલએફના આતંકવાદીઓએ તત્કાલીન નેશનલ કોન્ફરન્સ (NC)ના સાંસદ સૈફુદ્દીન સોઝની પુત્રીનું પણ અપહરણ કર્યું હતું, પરંતુ અમે એક પણ વ્યક્તિને છોડ્યો ન હતો. બાદમાં સોજની પુત્રીને JKLF દ્વારા તેના ઘરે ઓટો-રિક્ષામાં મુકવામાં આવી હતી.

અગાઉ નેશનલ કોન્ફરન્સના સ્થાપકને કેરળના ગવર્નર આરિફ મોહમ્મદ ખાને પણ તેણે ટેકો આપ્યો હતો, સાથે જ અબ્દુલ્લાનો બચાવ કરતા કહ્યું હતું કે તેમણે સઈદની પુત્રીની મુક્તિના બદલામાં આતંકવાદીઓને મુક્ત કરવાના નિર્ણયનો વિરોધ કર્યો હતો. જો કે, 'ધ કાશ્મીર ફાઈલ્સ' જેવી ફિલ્મો પર પ્રતિબંધ મૂકવો જોઈએ કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું, લોકશાહીમાં ફિલ્મ કેવી રીતે રોકી શકાય ?

# મહારાષ્ટ્રમાં આવી રહેલી ઓટોમોબાઈલ કંપનીઓ વધુ રોકાણ લાવશે : આદિત્ય ઠાકરે

પુણે,તા.૩

ઉત્પાદન કરતી મોટી કંપનીઓ રાજયમાં છે અને વધુ આવી રહી છે જે વધુ રોકાણ લાવશે, એમ રાજયના પર્યાવરણ અને પર્યટન પ્રધાન આદિત્ય ઠાકરેએ શનિવારે જણાવ્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા પુણે અલ્ટરનેટ ફ્યુઅલ કૉન્ક્લેવના ભાગરૂપે આયોજિત 'અલ્ટરનેટ ફ્યુઅલ એક્ઝિબિશન'માં ઉદ્‌ઘાટન પ્રસંગે ઠાકરે બોલી રહ્યા હતા. આ આયોજનમાં એમઆઈડીસી, મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (એમપીસીબી), મરાઠા ચેમ્બર ઑફ કૉમર્સ ઈન્ડસ્ટ્રીઝ ઍન્ડ એગ્રીકલ્ચર (એમસીસીઆઈએ)એ પણ સહયોગ આપ્યો હતો.

પુણે ઑટોમોબાઈલ ક્ષેત્રનું કેન્દ્ર છે, મોટી કંપનીઓ મહારાષ્ટ્રમાં આવી રહી છે, ફૉર અને ટુ વ્હિલર્સ વેહિકલનું વેચાણ વધી રહ્યું છે અને થ્રી વ્હિલરનું પણ વેચાણ વેગ પકડી રહ્યું છે. આ પ્રદર્શનમાં અમુક સ્ટાર્ટ અપ કંપનીઓ પણ ભાગ લઈ રહી છે અને તે કારણે મહારાષ્ટ્રમાં રોકાણ વધુ આવશે, એમ આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું.

અમુક ઈલેક્ટ્રિક વેહિકલમાં આગ લાગવાની ઘટના વિશે પૂછવામાં આવતાં તેમણે કહ્યું કે શરૂઆતમાં આવી સમસ્યા આવે છે અને તેનો ઉકેલ શોધવામાં આવી રહ્યો છે, પરંતુ દરેક ઈલેક્ટ્રિક વેહિકલના સુરક્ષાનાં ધોરણો ચકાસી મંજૂરીના પ્રમાણપત્ર આપવામાં આવે છે. અમે દરેક ઑફિસો, મૉલ અને અન્ય સ્થળોએ કમસે કમ ૩૦ ટકા જગ્યા ઈવીની ચાર્જિંગ સુવિધા માટે અનામત રાખવાનું ફરજિયાત કરી રહ્યા છીએ જેથી ચાર્જિંગની સમસ્યા નડે નહીં.

### અફસ્પાના વિરોધમાં ૧૬ વર્ષ સુધી ભૂખ હડતાળ કરી હતી

# મણીપુર સરકાર ઈરોમ શર્મિલાને સન્માનિત કરશે

ઈમ્ફાલ,તા.૩

મણીપુરની સરકારે માનવાધિકાર કાર્યકર્તા ઈરોમ શર્મિલાને તેના ૧૬ વર્ષના અફસ્પા વિરોધ આંદોલન માટે સન્માનિત કરશે. મણીપુરના મુખ્યમંત્રી એન બીરેન સિંહે ઈરોમ શર્મિલાની પ્રસંશા કરતા કહ્યું કે, તેમને અફસ્પા વિરોધી આંદોલન અંતર્ગત ૧૬ વર્ષ સુધી ધરણાં અને ભૂખ હડતાળ કરતા પોતાનુ અડધુ જીવન બલિદાન કરી દીધુ છે. કેન્દ્ર સરકારે ત્રણ પૂર્વોત્તર રાજયો આસામ, મણીપુર અને નાગાલેન્ડ કેટલાય વિસ્તારોમાંથી સશસ્ત્ર દળ વિશેષ અધિકાર અધિનિયમ અફસ્પાને હટાવી દીધો છે. આ અધિનિયમને હટાવવાના થોડાક કલાકો બાદ મણીપુર સરકારે આઈરૉન લેડી ઈરોમ ચાનૂ શર્મિલાને તેની ૧૬ વર્ષની ભૂખ હડતાળ માટે સન્માનિત કરવાનો ફેંસલો કર્યો છે, જે અફસ્પા વિરોધી આંદોલનનો ભાગ હતી.

મણીપુરના મુખ્યમંત્રી એન બીરેન સિંહે કહ્યું કે, - અમે ચોક્કસ રીતે તેને આમંત્રિત કરીને તેમનુ સન્માન કરીશું. હું મણીપુરના લોકો, મુખ્ય રીતે શર્મિલાની પ્રસંશા કરુ છે, જેને ૧૬ વર્ષ સુધી ધરણાં અને ભૂખ હડતાળ કરતા પોતાનુ અડધુ જીવન બલિદાન કરી દીધુ. હું તમામ લોકોને તેનુ સમર્થન કરવા માટે ધન્યવાદ આપવા માંગુ છુ. રાજયના કમ સે કમ ૧૫ પોલીસ સ્ટેસનો અંતર્ગત આવનારા ક્ષેત્રો માટે અફસ્પા-ને હટાવી દેવામાં આવ્યો છે.

મણીપુરની જાણીતી માનવાધિકાર કાર્યકર્તા ઈરોન ચાનૂ શર્મિલા ૪ નવેમ્બર ૨૦૦૦ થી ઓગસ્ટ ૨૦૧૬ સુધી ભૂખ હડતાળ પર હતી. ૨૦૧૭ના મણીપુર વિધાનસભા ચૂંટણી પહેલા પીપુલ્સ રિસર્જેન્સ એન્ડ જસ્ટિસ એલાયન્સ બનાવ્યા પહેલા અફસ્પાને નિરસ્ત કરવાની માંગ કરવામાં આવી હતી. ઈન્ફાલના બહારના વિસ્તારો માલોમમાં સુરક્ષાદળો દ્વારા ૧૦ લોકોની હત્યા કર્યાના બે દિવસ બાદ ઈરોમ શર્મિલાએ પોતાની ભૂખ હડતાળ શરૂ કરી હતી.૪૯ વર્ષીય ઈરોમ શર્મિલા મણીપુર અને દેશની અન્ય જગ્યાઓ પર અફસ્પા વિરોધી આંદોલનનો ચહેરો બની હતી,ઈરોમ અફસ્પા હટાવવાના કેન્દ્ર સરકારના ફેંસલાનુ સ્વાગત કર્યુ છે. મીડિયા સાથેની વાતચીતમાં તેને સરકારના આ પગલાને લોકતંત્રનો એક વાસ્તવિક સંકેત બતાવ્યો. આ નવી શરૂઆત અને કેટલાય વર્ષોથી ચાલી આવતી લડાઈનુ પરીણામ છે. તેને કહ્યું કે અફસ્પા આખા ઉત્તર-પૂર્વ ભારતમાં સ્થાયી રીતે હટાવી દેવામાં આવે. અફસ્પા અધિનિયમ સુરક્ષાદળોને ઓપરેશન કરવા અને વિના વૉરંટે સંદિગ્ધ વિદ્રોહીઓની ધરપકડ કરવાનો અધિકાર આપે છે.

# મુકેશ અંબાણીને પછાડીને ગૌતમ અદાણી બન્યા એશિયાના સૌથી ધનિક બિઝનેસમેન

,નવીદિલ્હી,તા.૩

દેશના પ્રખ્યાત ઉદ્યોગપતિ ગૌતમ અદાણી એશિયાના સૌથી ધનિક બિઝનેસમેન બની ગયા છે. તેની સાથે જ અદાણી, એલન મસ્ક અને જેફ બેઝોસ જેવા બિઝનેસમેન્સના એલિટ ક્લબમાં પણ સામેલ થઈ ગયા છે.

બ્લૂમબર્ગ બિલિયનેયર્સ ઈન્ડેક્સ પ્રમાણે અદાણી ગ્રુપના અધ્યક્ષ ગૌતમ અદાણી ફરી એક વખત ૧૦૦ અબજ ડોલરની સંપત્તિ સાથે એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. આ લિસ્ટમાં મૂકેશ અંબાણી હવે તેમનાથી પાછળ છે. આ બદલાવની સાથે જ અદાણી હવે દુનિયાના ૧૦માં સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. આની સાથે જ અદાણી મસ્ક અને બેઝોસ જેવા અબજોપતિઓના લિસ્ટમાં સામેલ થઈ ગયા છે.

બીજી તરફ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ મુકેશ અંબાણી ૯૯ અબજ ડોલરની સંપત્તિ સાથે ૧૧માં નંબર પર આવી ગયા છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં અદાણી અને અંબાણી અબજોપતિઓના લિસ્ટમાં સતત ઉપર નીચે થઈ રહ્યા છે. આ લિસ્ટમાં ક્યારેક અંબાણી ઉપર હોય છે તો ક્યારેક અદાણી.

તાજેતરમાં જ પ્રકાશિત થયેલા હુરુન ગ્લોબલ રિચ લિસ્ટ-૨૦૨૨ પ્રમાણે છેલ્લા વર્ષમાં અદાણીની કુલ સંપત્તિમાં ૪૯ બિલિયન અમેરિકી ડોલરની વૃદ્ધિ થઈ છે. જે દુનિયાના ટોચના ૩ અબજપતિઓ એલન મસ્ક, જેફ બેઝોસ અને બર્નાર્ડ અરનોલ્ટની તુલનામાં વધારે છે.

# વિદેશમાંથી મળતી પેન્શનની વિગતો કરદાતાએ જાહેર કરવી પડશે

નવીદિલ્હી,તા.૩

આવકવેરા ખાતાએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના આવકવેરાનાં રિટર્નનાં ફોર્મ્સ જાહેર કર્યાં છે જેમાં વિદેશમાંથી નિવૃત્તિલાભ તરીકે મળેલી આવકની વિગતો પણ આપવાની રહેશે. સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડાયરેક્ટર ટેક્સિસ (સીબીડીટી) દ્વારા આવકવેરાનાં રિટર્ન્સનાં ફોર્મ ૧થી ૫ જાહેર કરાયાં છે. આઈટીઆર ફોર્મ ૧ (સહજ) અને આઈટીઆર ફોર્મ ૪ (સુગમ) પ્રમાણમાં સરળ છે અને મોટા ભાગના નાના અને મધ્યમ કરદાતાઓ તેનો ઉપયોગ કરે છે. જે વ્યક્તિને પગાર, એક રહેઠાણની જગ્યા અને અન્ય સ્ત્રોત (વ્યાજ વગેરે)માંથી વર્ષે રૂા. ૫૦ લાખ સુધીની આવક થતી હોય તે 'સહજ' ફોર્મનો ઉપયોગ કરી શકે છે. જે વ્યક્તિ, હિન્દુ અવિભક્ત કુટુંબ અથવા પેઢીને ધંધા/વ્યવસાયમાં વર્ષે કુલ રૂા. ૫૦ લાખ સુધીની આવક થતી હોય તે આઈટીઆર-૪નો ઉપયોગ કરી શકે છે. જે લોકોને વેપાર ઉદ્યોગમાંથી નફારૂપી કમાણી થતી હોય તેઓ આઈટીઆર-૩ ભરે છે. જયારે આઈટીઆર-૫ એલએલપી (લિમિટેડ લાયબિલીટી પાર્ટનરશીપ) માટે છે.''

આઈટીઆર-૧ ફોર્મ મોટા ભાગે ગયા વર્ષ જેવું જ છે પણ તેમાં એક મહત્ત્વનો ફેરફાર છે. હવે પગારની ચોખ્ખી આવકની ગણતરીમાં વિદેશમાં રખાયેલા રિટાયરમેન્ટ બેનિફીટ ઍકાઉન્ટમાંથી મળેલી આવકનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત રિટાયરમેન્ટ બેનિફિટ ઍકાઉન્ટ આવકવેરા ધારાની કલમ ૮૯ એ હેઠળ નિર્દિષ્ટ દેશમાં રખાય છે કે કેમ તેની પણ માહિતી માગવામાં આવી છે. કરદાતા કલમ ૮૯ એ હેઠળ કરરાહત માટે દાવો કરી શકશે.

# મોદીએ રમઝાન માસની શુભેચ્છા આપી, પવિત્ર મહિનામાં ગરીબોની સેવા કરવા માટે લોકોને પ્રેરણા આપે

નવીદિલ્હી,તા.૩

મુસ્લિમોનો પવિત્ર રમઝાન માસ શરૂ થઈ ગયો છે. રવિવારે એટલે કે આજે પહેલો ઉપવાસ (રોજા) છે.શનિવારે એક દિવસ પહેલા ચંદ્ર દેખાયો હતો. રમઝાન દેખાયા બાદ લોકો એકબીજાને શુભકામનાઓ પાઠવી રહ્યા છે. વડાપ્રધાન મોદીએ પણ લોકોને પવિત્ર રમઝાન માસની શુભેચ્છા પાઠવી છે. પીએમ મોદીએ ઈચ્છા વ્યક્ત કરી છે કે સમાજના લોકોને શાંતિ, સૌહાર્દ અને કરુણાની ભાવના વિકસાવવાની શક્તિ મળે. ૨ એપ્રિલે ચાંદના દર્શન થયા બાદ મુસ્લિમ સમુદાયના લોકોએ ૩ એપ્રિલથી રોજા શરૂ કરી દીધા છે. શુભકામનાઓ આપતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આ પવિત્ર મહિનામાં લોકોને ગરીબોની સેવા કરવા માટે પ્રેરણા આપવાની શક્તિ મળવી જોઈએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે, પવિત્ર રમઝાન મહિનાની શરૂઆત પર ખૂબ ખૂબ અભિનંદન. રમઝાનનો આ મહિનો લોકોને ગરીબોની સેવા કરવાની પ્રેરણા આપે. તેમજ, આ પવિત્ર માસ આપણા સમાજમાં શાંતિ, સંવાદિતા અને કરુણાની ભાવના કેળવે.

રમઝાન વિશ્વભરમાં મુસ્લિમો દ્વારા ઉપવાસ, પ્રાર્થના અને પ્રતિબિંબના મહિના તરીકે ઉજવવામાં આવે છે. દેશમાં ૨ એપ્રિલે ચાંદના દર્શન થયા બાદ હવે મુસ્લિમ સમુદાયના લોકો ૩ એપ્રિલ રવિવારથી રોજા રાખી રહ્યા છે. રમઝાન વિશે, એવું માનવામાં આવે છે કે રમઝાનના પવિત્ર મહિનામાં, પયગંબર મુહમ્મદને અલ્લાહ તરફથી કુરાનની પ્રથમ આયતો મળી હતી. આ પવિત્ર દિવસોમાં ઉપવાસ રાખવામાં આવે છે. આખો દિવસ ભૂખ્યા અને તરસ્યા રહીને ભગવાનની પૂજા કરવામાં આવે છે અને જરૂરિયાતમંદ લોકોની સેવા કરવામાં આવે છે. ૩ એપ્રિલથી શરૂ થનાર રમઝાન ૧ મેના રોજ ઈદ સાથે સમાપ્ત થશે. પરંતુ તેની તારીખ ચંદ્રના દર્શન પછી જ નક્કી થાય છે.

ઈસ્લામિક માન્યતાઓ અનુસાર, રમઝાન મહિનામાં, સૂરજ ઉગતા પહેલા ભોજન લેવામાં આવે છે. તે સહરી તરીકે ઓળખાય છે.

સેહરીનો સમય અગાઉથી નક્કી કરવામાં આવે છે. આ પછી દિવસભર ભૂખ્યા-તરસ્યા રહીને અલ્લાહની ઈબાદત કરવામાં આવે છે. સાંજે નિર્ધારીત સમયે રોજો ખોલવામાં આવે છે તેને ઈફતાર કહેવામાં આવે છે.

# હરિયાણામાં પણ માસ્ક પહેરવાથી મુક્તિ આપવામાં આવી

ચંડીગઢ,તા.૩

કોરોના વાયરસના કેસમાં ઘટાડાને કારણે લોકોને ઘણી રાહત મળી છે. આવી સ્થિતિમાં ઘણા રાજ્યોમાં કોરોના નિયમોમાં ઢીલ આપવામાં આવી રહી છે. ત્યારે હવે મહારાષ્ટ્ર બાદ હરિયાણામાં પણ માસ્ક પહેરવાથી મુક્તિ આપવામાં આવી છે. અગાઉ રાજ્યમાં જાહેર સ્થળો પર માસ્ક ન પહેરવા પર ૫૦૦ રૂ. નો દંડ હતો. બીજી તરફ ઢઢસ્છએ પણ દિલ્હીમાં જાહેર સ્થળો પર માસ્ક ન પહેરવા પર દંડ ન વસૂલવાનો નિર્ણય કર્યો છે. દિલ્હીમાં જાહેર સ્થળો પર માસ્ક ન પહેરવા પર ૫૦૦ રૂ. નો દંડ હતો. ઢઢસ્છના સૂત્રોના જણાવ્યા પ્રમાણે દંડ પાછો ખેંચી લેવાનો અર્થ એ નથી કે લોકો માસ્ક પહેરવાનું બંધ કરી દે, કોરોનાના નિયમોનું પાલન કરવું જોઈએ. જણાવી દઈએ કે આ પહેલા દિલ્હીમાં ફેબ્રુઆરીના છેલ્લા સપ્તાહમાં ખાનગી વાહનોમાં માસ્ક ન પહેરવા બદલ દંડ ન લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સિવાય મહારાષ્ટ્ર સરકારે પણ ૨ એપ્રિલથી તમામ કોરોના પ્રતિબંધો હટાવવાનો નિર્ણય લીધો છે. આમાં માસ્કની અનિવાર્યતાને દૂર કરવાનો પણ સમાવેશ થાય છે. પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકારે રાજયમાં કોરોના સબંધી બધા પ્રતિબંધો હટાવી દીધા છે. રાજયમાં કોરોનાના કેસ સતત ઘટી રહ્યા છે તેને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે, ભીડવાળા જાહેર સ્થળોએ પ્રોટોકોલનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે

### બંગલા વિવાદ પર બિહારમાં રાજકીય હંગામો

# ચિરાગ પાસવાનને લઈને તેજસ્વીએ કહ્યું, 'હનુમાનનું ઘર સળગાવી દીધું'

નવીદિલ્હી,તા.૩

પૂર્વ કેન્દ્રીયમંત્રી અને દિવંગત એલજેપી નેતા રામ વિલાસ પાસવાનો બંગલો ખાલી કરાવ્યા બાદ બિહારમાં રાજનીતિમાં ચરમસીમાએ પહોંચતા વિવાદ વધી રહ્યો છે. આરજેડી નેતા તેજસ્વી યાદવે પાસવાન પરિવાર તરફથી બીજેપી પર નિશાન સાંધ્યું છે.

તેજસ્વીએ જણાવ્યું છે કે, દિવંગત એલજેપીના સંસ્થાપક રામ વિલાસ પાસવાન છેલ્લે સુધી બીજેપીની સાથે ઉભા રહ્યા. ચિરાગ કહે છે કે તેઓ હનુમાન છે પરંતુ અહીં તો હનુમાનના ઘરમાં જ આગ લગાડવામાં આવી હતી. આ બીજેપીનો સાથ આપવાનું પરિણામ છે.

તેજસ્વી યાદવનું નિવેદન એવા સમયે સામે આવ્યું છે જયારે ચિરાગ પાસવાનને પોતાના દિવંગત પિતાને ફાળવવામાં આવેલ સરકારી બંગલો ખાલી કરાવી દીધો છે. વાસ્તવમાં રામવિલાસ પાસવાનના નિધન બાદથી તેમના પુત્ર અને સાંસદ ચિરાગ પાસવાન ૧૨ જનપથ સ્થિત બંગલામાં રહેતા હતા અને સરકારે ૨ દિવસ પહેલા જે રીતે આ બંગલો ખાલી કરાવ્યો હતો તેનાથી ચિરાગ પાસવાન નારાજ છે, એટલું જ નહીં બિહારના લોકો ઘણા રાજકીય પક્ષો પણ તેમના સમર્થનમાં ઉભા છે.





૧૨ જનપથ બંગલો ખાલી કરાવ્યા બાદ એક વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાતું હતું કે બંગલો ખાલી કરાવતી વખતે બી આર આંબેડકરની પ્રતિમા અને રામવિલાસ પાસવાનની તસવીરને રસ્તા પર ફેંકી દેવામાં આવી હતી. સંવિધાન નિર્માતા આંબેડકર અને રામવિલાસ પાસવાનની મૂર્તિને રસ્તા પર ફેંકી દેવાનો પણ તેજસ્વી યાદવે વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આ દલિતોનું અપમાન છે.

તેજસ્વી યાદવે પોતાના ટ્વિટર હેન્ડલ પરથી એક વીડિયો પોસ્ટ કરી કેપ્શનમાં લખ્યું હતું, 'તાઉમ્ર વંચિતોના પરોપકારી અને પૈરોકાર રહેલા સ્વ. રામ વિલાસ પાસવાનના દિલ્હી નિવાસસ્થાન ખાલી કરાવવા ગયેલી સરકારની ટીમે ભારત રત્ન બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા અને પદ્મ ભૂષણ પાસવાનની તસ્વીર રોડ પર ફેંકીને બંધારણ અને દલિત લોકોનું અપમાન કરવાનું કૃત્ય કર્યું છે.

બીજી તરફ બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને હિન્દુસ્તાન યુવા મોરચાના પ્રમુખ જીતનરામ માંઝીએ ૧૨ જનપથ બંગલા ખાતે આંબેડકરની પ્રતિમા અને પાસવાનની તસ્વીર સાથેના અપમાન અંગે જણાવ્યું હતું કે જો આંબેડકરની જગ્યાએ જો કોઈ ધાર્મિક પુસ્તકને રસ્તા પર આ રીતે ફેંકીને અપમાનિત કરવામાં આવે તો ના જાણે અત્યાર સુધીમાં કેટલા શહેરોમાં રમખાણો થઈ ગયા હોત. માંઝીએ ટ્વીટ કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ પાસે માંગણી કરી છે કે આંબેડકરની પ્રતિમાને અપમાનિત કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No : 0044

વિષયઃ- મન ને ગમતી વાત

પ્રકારઃ- પદ્ય

શબ્દઃ- ૮૦

શીર્ષકઃ- ગોકુળ.

ગોકુળ છોડી કાનો દ્વારિકા ગયો,
ધોળી ધોળી ગાવડી રહી ગઈ ગોકુળમાં.
ગોકુળ છોડી કાનો દ્વારિકા ગયો,
ગોરસ રહી ગયું ગોકુળમાં.
ગોકુળ છોડી કાનો દ્વારિકા ગયો,
વાંસળી રહી ગઈ ગોકુળમાં.
ગોકુળ છોડી કાનો દ્વારિકા ગયો,
મોરપિચ્છ રહી ગયું ગોકુળમાં.
ગોકુળ છોડી કાનો દ્વારિકા ગયો,
ગોપીઓ રહી ગઈ ગોકુળમાં.
ગોકુળ છોડી કાનો દ્વારિકા ગયો,
કામળી રહી ગઈ ગોકુળમાં.
ગોકુળ છોડી કાનો દ્વારિકા ગયો,
રાધાજી રહી ગયાં ગોકુળમાં.
ગોકુળ છોડી કાનો દ્વારિકા ગયો,
મમતાની મૂર્તિ રહી ગઈ ગોકુળમાં.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

NOG SS NO - 0050

વિષય - મનને ગમતી વાત.

પ્રકાર - પદ્ય મૌલિક

શીષેક - ઝંખું તને.

યુગો યુગોથી મારાં જ સપનામાં તને મેં ઝંખી છે..!
હૃદયમાં સ્થાન પામી કોતરાઈ ગઈ..!
પ્રખર સહારાની તરસ મને..!
દુનિયામાં હર રંગ ગમે
તને ને મને...!
પછી તુંજ સાથે ટકરાયા એવાં નયનો મારાં..!
હવે તો હિંમત પણ મુજમાં ને તાકાત પણ મુજમાં...! પૂનમનો ચાંદ બનીને આવી જા આંગણે હાક દઈને...!
હું તડપુ છું તારાં માટે
ઝંખું તને હરઘડી હરપળ..!
બંધ આંખે દીવો લઈ શોધું હું તને સપનામાં..!
ખુદથી ખુદમાં ઝળહળાવુ તને..!
ઝરણાંના નીર બની ઝંખું છું તને ...!
વીજળીના ચમકારે પરોવાય એ પ્રીતને શોધું...!
મારે તને કંઇક કહેવું છે..!
તું સાંભળીશને ..!
હું ઝંખું છું તારાં સ્મિતમાં સદાય ..!
તને સતત શોધું છું ..!
તારી આંખોમાં ,શ્વાસોમાં અને મીના સ્પર્શમાં...!
ક્યારેય જુદા ન થાય મુજથી સદાય મારાં માં તું છે..!
હું કરું પ્રેમ તને અનરાધાર..! એમાં સદાય ઝંખી તને..!

રાગીની શુક્લ "રાગ"

---

: NOG SS - No - 0037

વિષય - મને ગમતી વાર્તા.

વિભાગ ; ગદ્ય, વાર્તા.

શીર્ષક - અધૂરી આશા.

શબ્દો સંખ્યા - ૩૩૫

હેત અને હની એકજ શેરીમાં રહેતાં હોય.સાથે રમ્યાં,સાથે ભણ્યાં.

બંને ના વિચારો, શોખ સરખા.ભણવામાં પણ ખૂબ હોશિયાર. જોગાનું જોગ બંને ને જોબ પણ સાથેજ મળી.બંને વધુ સમય એક બીજાને સાથે રહેતાં. સાચું કહું તો એક બીજાને સમજતાં હતાં.

બંને ને એક વ્યસન હતું...! 'ચા ' ઓફિસે પણ સવાર, બપોર, સાંજ કેન્ટીનમાં ' ચા ' સાથેજ પીવે.ચાની ચૂસકી લેતાં લેતાં એક બીજાનાં સુખ દુઃખની વાતો કરે.

એક દિવસ હનીનાં પિતાજી ના રહ્યાં...! થોડાં સમય બાદ હનીનાં પરિવારને મામાને ત્યાં રહેવા જવાનું થયું. હનીએ જોબ પણ છોડી દીધી.આ વાતથી હેત પણ ખૂબ હતાશ થયો. કામમાં મન ન લાગવાથી તેણે પણ જોબ છોડી દીધી.

હનીનાં મામાએ હનીને ખૂબ પૈસાવાળા પરિવારમાં લગ્ન કરાવી આપ્યાં.પતિને કંપની હોવાથી બંને શહેરમાં રહેવા આવ્યાં. હની તો પોતાના ગૃહસ્થ જીવનમાં પરોવાઈ ગઈ...!

હેત ઊંડા વિચારોમાં પડ્યો રહે. કઈ કામ સૂઝે નહીં....પોતે શું ગુમાવ્યું ? હવે શું કરવું ? મૌન રહે..!

હેતને તેનો મિત્ર શહેરમાં લગ્ન છે, અને એ પણ મોટા ઘરનાં મજા આવશે,તેમ કહી સાથે લઈ ગયો.

આ બાજુ હનીની નણંદના લગ્ન હતાં. ખૂબ મહેમાનો આવ્યાં હતાં. હનીને પોતાના પતિ પરિવાર સાથે અચાનક જોઈ, હેત આશ્ચર્યમાં ડૂબી જાય છે.બસ જોયા જ કરે છે....! કશું બોલતો નથી. ઘણાં સમય પછી જાન વિદાય થવાના સમયે હની ની નજર હેત પર પડતાં...આનંદ સાથે ઊંચા અવાજે હેત...તું ...અહીંયા.... બોલી ઉઠી. બંને મળ્યાં એક બીજાને જોય ખુશ થયાં.ભૂતકાળની મધુર યાદો વાગોળે છે.

એ જ સમયે ત્યાં વેટર 'ચા 'ની ટ્રે લઈ આવ્યો. હની એકદમ 'ચા 'નો કપ લઈ હેતને કહે, લે હેત 'ચા ' પી તને 'ચા' ખૂબ પસંદ છે ને..! હેત કઈજ બોલે એ પહેલાં ત્યાં હનીનો પતિ અને હેતનો મિત્ર આવી પહોંચ્યાં. હેતનો મિત્ર કહે " હેત ઘણાં વર્ષોથી 'ચા ' પિતોજ નથી...કદાચ કોઈની યાદ માં...! " હનિનો પતિ 'ચા ' નો કપ હનીનાં હાથમાંથી લઈ કહે " હા, હની પણ ક્યારેય 'ચા ' પિતીજ નથી. " હેત અને હની એકદમ મૌન રહ્યાં, જાણે સમય સાથે સમાધાન કરી રહ્યાં હોય, એ રીતે એકબીજાને જોતાં જોતાં પોતાના જીવનની સફરમાં આગળ વધ્યાં.

હેમલતા દિવેચા ' હેમ ' ,જૂનાગઢ.

---

NOG.SS.No.0098

વિષયઃ- મન ને ગમતી વાત

પ્રકારઃ- પદ્ય

શીર્ષકઃ- સાડી (પરિધાન)


સાડી.......

તું ત્યારે પણ હતી, જ્યારે હું નાની બાળકી હતી, સખીઓ સાથે ઘર ઘર રમતી હતી અને પહેરી તી ત્યારે તન પર અને તયારે પણ જ્યારે Farewell પર...... બધાની માવા મળી હતી મને
અને તે દિવસે પણ જ્યારે
માની કબાટ થી તને કાઢીને તન પર પહેરી ,ઈતરાતી, મુસ્કુરાતી Miss fresher બની હતી.
તારો ૭ સાથ ત્યારે પણ હતો જ્યારે તારામાં લીપટીને પતિ ના આંગણે આવી હતી.
મારી બંગાલી સાડી....
સમય વીત્યો પણ તારો સાથ બની રહ્યો
જ્યારે મારી silver jubilee પર તને ઓડી પિયા જી ની સાથે ઊભી રહી કેવી શરમાવી રહી હતી હું.
દીકરી ની વિદાય સમય
વહુ ના સ્વાગત ના સમયે
તારા પલ્લુ ને કમર પર લિપટાવીને
કેટલી જિમ્મેદારી ઓ નિભાવી છે મેં
ઓ મારી સાથી!!
તે કેટલા રૂપ જોયા છે મારા બચપન.. લડક પન.. યૌવન.. બડપ્પન..
બધા તહેવારો.. અવસરો પર તુજ તો મારી સાથે હતી.
કેટલા ઉપકાર છે તારા મારા પર, માના દુલાર ,ભાભી ની પુકાર ,પ્રિયતમ નો પ્યાર બાળકોનો મનુહાર, બધા સંસ્કાર બધું જ તારાથી જ જોડાયેલું છે. ધન્ય છે તું અને તારો પ્યાર ઓ સાડી...

લીના શર્મા,હાલોલ

## ગરબો...

હવે મન ના કમાડ તો ઉઘાડો મોરી માત
ચૈત્ર નવરાત લાવી ભક્તી ની રાત
તાલ ને મૃદંગ વાગે , ઘમ ઘમ ઘમકાર,
ભક્તિ ની શક્તિ થી બન્યા સૌ નિહાલ
હવે મન ના કમાડ તો ઉઘાડો મોરી માત
ચૈત્ર નવરાત લાવી ભક્તિ ની રાત
કંકુ વેરાણા ને માં તારા પગલા પથરણા
ઘુમવા ગરબે સૌ ભક્ત તાલે મોહાણા
પૂરણ ઈચ્છા કરો ને માં ઘો વરદાન
બોલો સૌ અંબા નો જય હો જયકાર
હવે મન ના કમાડ તો ઉઘાડો મોરી માત
ચૈત્ર નવરાત લાવી ભક્તી ની રાત
સાથીયા પુરાવ્યા માં ના ચોક સજાવ્યા
ગરબા ની તાલે સૌએ રમઝટ બોલાવ્યા
ભક્તિ માં આંબા ની કરશું સૌ આજ
આંબા જગદમ્બા નો જય હો જયકાર...
હવે મન ના કમાડ તો ઉઘાડો મોરી માત
ચૈત્ર નવરાત લાવી ભક્તી ની રાત



અમી મજમુદાર
(અમીરસ)

# નારીનું સ્વરૂપ



નારી..શક્તિની જનેતા છે.નારી એક માં હોવાના કારણે સર્વશ્રેષ્ઠ અને પૂજનીય છે.સંસારનો મોટામાં મોટો મહાપુરૂષ ભલે તે યોદ્ધો હોય કે દાનવીર,રાજા હોય કે દરવેશ, સંત હોય કે ગુરૂ.. માતાની સામે નતમસ્તક થાય છે.આ ઉંચી પદવીનો અધિકાર નારીને એટલા માટે માટે મળ્યો છે કારણ કે તેનામાં મમતા,સહનશીલતા અને બલિદાન જેવા મહાન ગુણો સર્જનહારે તેને સંસારમાં વહેંચવા માટે આપ્યા છે.વર્તમાન સમયમાં પણ નારી શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ પાસેથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીને સર્વ ગુણ સંપન્ન બની સંસારના માટે જ્યોતિ સ્વરૂપ તથા પરમાર્થમાં એક આદર્શની મૂર્તિ બને છે તેનું પ્રમાણ તમામ નિરંકારી સંત મહાપુરૂષોના ઘરોમાં જોવા મળે છે કે જ્યાં પતિ-પત્ની પ્રેમની પ્રતિમાઓ છે.એવા હજારો ગૃહસ્થી સંત મહાપુરૂષોને છે અને તેમના સ્વર્ગ જેવા ઘરોને જોઈને મન અતિ પ્રસન્ન થાય છે. કેટલીક જગ્યાએ દુઃખ પણ થયું છે જેના કારણોસર હું આ વિશે કંઈક લખવા મજબૂર બનેલ છું કે જેથી અમે જાણી શકીએ કે 'ગૃહસ્થ' જીવનને આદર્શ બનાવવા માટે અમારે કંઈ કંઈ વાતોનું ધ્યાન રાખવું જોઈએ.

સૌથી પહેલાં દરેક બાળકીઓની ફરજ છે કે તે જ્યારે એક કન્યાના રૂપમાં છે ત્યાં સુધી પોતાના માતા પિતાનું સન્માન કરવું તથા પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા પુરેપુરૂ ધ્યાન આપવું. મજબૂત પાયા ઉપર જ ઉંચી ઈમારત ઊભી થઈ શકે છે. શુદ્ધ આચરણ એ જ નારીનો શ્રૃંગાર છે તેથી બાળપણથી જ આ સંસ્કારનું સિંચન કરવું પડે છે એટલા માટે ઘરમાં માતા-પિતા,નાના-મોટાનો આદર સત્કાર કરવો, તેમની આજ્ઞાનું પાલન કરવું, અભ્યાસમાં રૂચિ રાખવી તથા દરેક પરિસ્થિતિમાં નમ્રતા અને સહનશીલતા રાખવી એ દરેક કન્યાનું પ્રથમ કર્તવ્ય છે.

નારીનું બીજું રૂપ પત્ની હોય છે જે સૌથી મહત્વપૂર્ણ અને જવાબદારીવાળું રૂપ છે. 'નારી' ના માટે જીવનનો આ ભાગ આદર્શવાદનું પ્રતિક કહેવાય છે.પતિની સેવામાં પૂર્ણ ગુરૂ ભક્તિ તથા સંતોનો સત્કાર કરવો. આ ત્રણેયને એક સાથે નિભાવવાં એ તલવારની ધાર ઉપર ચાલવા બરાબર છે. ઘરમાં સાસુ-સસરાનું સન્માન કરવું,પાડોશિયો તથા સગાં-સબંધીઓની સાથે મેળ-મિલાપ રાખવો,બાળકોનું યોગ્ય રીતે પાલન-પોષણ કરવું તથા પોતાના પતિની પ્રસન્નતાના માટે તમામ પ્રકારનો ત્યાગ કરવાથી તેને ગૌરવ પ્રાપ્ત થાય છે. જો મને પુછવામાં આવે તો હું કહીશ કે એક ગુરૂભક્ત બહેનને પૂર્ણ ગુરૂભક્તનો દરજ્જો ત્યારે જ મળશે કે જ્યારે તે પોતાના કર્તવ્યનું પાલન કરશે.પોતાના સામાજીક વ્યવહાર અને સેવા-સત્કારની સાથે સાથે પોતાનો પતિ પોતાનાથી સંતુષ્ટ હોવો જોઈએ.સદગુરૂની કૃપા તે જ સ્ત્રીઓને પ્રાપ્ત થાય છે કે જે યોગ્ય મર્યાદાનું પાલન કરતાં કરતાં પોતાના પતિને પ્રસન્ન કરે છે.નારી પૂર્ણ રીતે પતિવ્રતા તથા આદર્શ માં હોવી જોઈએ.

નારીની ત્રીજી અવસ્થા વૃદ્ધાવસ્થા હોય છે.નારીની આ અવસ્થા ફક્ત સન્માન પ્રાપ્ત કરવાની અવસ્થા છે કારણ કે બાળપણ અને યુવાનીની અવસ્થાઓમાં કરેલ ત્યાગનું ફળ તેને વૃદ્ધાવસ્થામાં પ્રાપ્ત થાય છે પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે આ વૃદ્ધાવસ્થાની અવસ્થામાં જ સૌથી વધુ ભૂલો થાય છે. દરેક સાસુ ભૂલી જાય છે કે એક વખત તે પણ વહુ હતી એટલા માટે હું દરેક 'નારી' ઓને અનુરોધ કરૂં છું કે વૃદ્ધાવસ્થામાં ગૃહસ્થ જીવનમાં ફક્ત સલાહ આપવાનું જ કામ કરવું, બાકીનો સમય સત્સંગમાં પસાર કરવો જોઈએ. દરેક પ્રકારના મોહ નિંદા તથા બીજાઓની ખરાબીઓ જોવાનું ભૂલીને આદર્શ જીવન બનાવવું જોઈએ.

મને વિશ્વાસ છે કે ઉપરોક્ત વાતો 'બહેનો' ધ્યાનમાં રાખશે તો તેમનું ગૃહસ્થ જીવન આનંદમય તથા તેઓ સદગુરૂની પૂર્ણ કૃપાના અધિકારી બનશે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# દેશમાં મોંઘવારીના વિરોધમાં શિવસૈનિકો હવે રસ્તા પર ઉતરી આવ્યા

મુંબઇ,તા.૩

દેશમાં મોંઘવારીના વિરોધમાં શિવસૈનિકો હવે રસ્તા પર ઉતરી આવ્યા છે. મુંબઈમાં શિવસેનાએ મોંઘવારીના વિરોધમાં કેન્દ્ર સરકાર વિરુદ્ધ ઉગ્ર પ્રદર્શન કર્યું છે. વધતી જતી મોંઘવારીના વિરોધમાં શિવસેના દ્વારા યુવા સેનાના સેક્રેટરી તરીકે નિયુક્ત કરાયેલા વરુણ સરદેસાઈની આગેવાનીમાં શિવસૈનિકોએ મુંબઈમાં કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર સામે વિરોધ પ્રદર્શન કરતાં અવાજ બુલંદ કર્યો હતો. મહારાષ્ટ્રમાં સત્તા પર રહેલી શિવસેનાએ કેન્દ્ર સરકાર પર આરોપ લગાવતા કહ્યું કે દેશમાં મોંઘવારી વધી રહી છે. ઘરેલું ગેસ અને રોજબરોજની ચીજવસ્તુઓ સહિત ઈંધણના ભાવ દિનપ્રતિદિન આસમાને પહોંચી રહ્યા છે. જેના કારણે સામાન્ય માણસનું જીવન મુશ્કેલ બની ગયું છે. શિવસનાએ કેન્દ્ર સરકાર પર આરોપ લગાવ્યો કે દરરોજ વધી રહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવને કારણે સામાન્ય લોકોના ખિસ્સા ઢીલા પડી રહ્યા છે. છેલ્લા ૧૩ દિવસોમાંથી ૧૧ દિવસથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. મોદી સરકાર મોંઘવારી પર કાબૂ મેળવવામાં સંપૂર્ણ રીતે નિષ્ફળ રહી છે. શિવસેના વતી યુવા સેનાના સેક્રેટરી વરુણ સરદેસાઈની આગેવાનીમાં શિવસૈનિકોએ મુંબઈમાં કેન્દ્ર સરકાર વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું. આંદોલનમાં સામેલ લોકોએ પોતાના ખભા પર ગેસ સિલિન્ડર લઈને કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને રોષ વ્યક્ત કર્યો હતો. શિવસેના યુવા સેનાના સેક્રેટરી વરુણ સરદેસાઈએ કહ્યું કે ભાજપ એ તમામ બાબતો કરી રહી છે જેના માટે ભાજપે ૨૦૧૪ પહેલા કોંગ્રેસ પર આરોપ લગાવ્યો હતો. ડીઝલ, પેટ્રોલ, સીએનજી અને એલપીજીની વધતી કિંમતોના વિરોધમાં યુવા સેના દ્વારા મહારાષ્ટ્રના અલગ-અલગ જિલ્લામાં દેખાવો કરવામાં આવી રહ્યા છે.

# મુંબઈ- અમદાવાદ બુલેટ ટ્રેનથી મહારાષ્ટ્રને કોઈ ફાયદો નહીં થાયઃ સીએમ

મુંબઈ,તા.૩

કેન્દ્ર સરકાર મુંબઈ-અમદાવાદ વચ્ચેની બુલેટ ટ્રેન માટે આગ્રહી છે. પણ દેશની પ્રથમ બુલેટ ટ્રેન શરૂ કરવી હતી તો મુંબઈ-અમદાવાદને બદલે મુંબઈ- નાગપુર વચ્ચેની કરવી જોઈતી હતી. જેથી કરીને રાજયની રાજધાની અને ઉપરાજધાની સાથે જોડાત. તેનો ફાયદો મહારાષ્ટ્રને થયો હોત. મુંબઈ- અમદાવાદ બુલેટ ટ્રેન રાજ્ય માટે ફાયદાકરક નથી. એમ કરીને રાજ્યના મુખ્યપ્રધાન ઉધ્ધવ ઠાકરેએ કેન્દ્ર સામે નિશાન તાક્યું હતું. આજે મેટ્રો ટ્રેનના પ્રોજેક્ટના ઉદઘાટન પ્રસંગે ઉપરોક્ત નિવેદન કર્યું હતું.


મુખ્યપ્રધાન ઉધ્ધવ ઠાકરેએ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અને મેટ્રો કાર શેડનો મુદ્દા પર કેન્દ્રની ભાજપ સરકારને ચાબખા માર્યા હતા. મુંબઈ- અમદાવાદ બુલેટ ટ્રેન માટે કેન્દ્ર સરકાર આગ્રહી છે. આ માટે કેન્દ્ર સરકાર મુંબઈની બાંદરા- કુર્લા કોમ્પ્લેક્સના પરિસરની લાખો કિંમતની જમીન માંગી રહી છે. આ જગા અમે આંતરરાષ્ટ્રીય નાણાકેન્દ્ર માટે રાખી મૂકી હતી. કેન્દ્ર સરકાર આ જમીન લેતી હોય તો મુંબઈના મેટ્રો પ્રોજેક્ટના કાર શેડ માટે કાંજૂરમાર્ગ ખુલી પડેલી જમીન આપતી નથી, એમ કહીને મુખ્યપ્રધાન ઠાકરે કેન્દ્ર સરકારની સામે નિશાન તાક્યું હતું.

મુંબઈ પ્રત્યે કેન્દ્ર સરકારને પ્રેમ છે તો આ જમીન કારશેડ માટે કેમ આપતી? આ જગા મળે તો ભવિષ્ય મેટ્રોનો વિસ્તાર અંબરનાથ સુધી કરી શકાશે. આ સિવાય પમ્પિંગ સ્ટેશન અને ધારાવીમાં પુનર્વિકાસ માટે રાજ્ય સરકાર જગા માંગે છે. પણ તે જમીન કેન્દ્ર સરકાર આપતી નથી. આવા અનેક પ્રશ્નોની જડી ઉધ્ધવ ઠાકરેએ વરસાવી હતી.

તદઉપરાંત જી.એસ.ટી. સહિત વિવિધ મુદ્દા પર કેન્દ્ર સરકારે મુખ્યપ્રધાને આડે હાથ લીધી હતી. દરમિયાન ગુડી પાડવાના શુભ દિને આજે મુંબઈગરાને રાજયના મુખ્યપ્રધાન ઉધ્ધવ ઠાકરેએ મરાઠી ભવનનું ઉદઘાટન તેમજ લીલી ઝંડી આપીને મેટ્રો- ૭ અને મેટ્રો ૨ એનું પ્રથમ તબક્કાનું લોકાર્પણ કર્યું હતું.

---

સહુનાં દાદા અને મામાઃ
દિવસ ઉગે, સૂર્ય નાં ઉગમ થી ને
ખીલે ચંદ્ર તે રાત મહાય..
સૂરજ એકલો ઝુઝમે દેવા પ્રકાશ, ને
ચંદ્ર લઈ ફરે તારલાની ટોળકી સાથ મ્હાય...
સૂરજ ને ન મળે કોઈ દી કોઇ રજા, ને
ચંદ્ર તો મોજીલો હર દિન ને હર વાર,
ચંદ્ર તો ક્યારેક પૂરો, ક્યારેક અર્ધો
ક્યારેક પોણો , તો ન દેખાય અમાસનાય...
તોય ચંદ્ર તે લાડકો મામાં કહેવાય ને
દઈ ઉપાધિ સૂરજ ને દાદા ની
બન્યા સૂરજ દાદા જીવન દેનાર
સુરજ ની દીકરી 'ધરા '
ને ચંદ્ર તેનો ભાઈ કહવાય
અમો ધરા નાં બાળકો , તેથી
સહુના બન્યા સૂરજ, 'દાદા '
ને બન્યા ચંદ્ર 'મામા' સહુનાય



અલ્પા અમરીશ કોટેચા,
જી જલગાંવ ,મહારાષ્ટ્ર)

---

ફૂટી છે હવે સમજણની પાખું,
સમર્પિત કરું આખું તને આયખું.
કર્મોથી છે ભલે જાત બંધાણી,
સ્મરણ કરું તારું જગ વીસરૂ આખું.
સકળ સૃષ્ટિમાં તું બિરાજેલો,
મનની આંખે ભીતર તને ઝાંખું.
ઘેલી કે દિવાની કે કહે તું જોગણ,
પ્રેમમાં તારા ઝહર ને પણ ચાખું.
ક્યાં ઘેલછા એવી તું આવીને મળે રૂબરૂ...!!
તારી છબી ઉરમાં કોતરાવી નાખું.
જગ લે છે કેટલી પરિક્ષા પગલીની..!!
છતાં હૈયે હું હામ છું રાખું.



જાગૃતિ ડી. વ્યાસ

---

કાળજું ચીરીને દેખાડી ગયો,
પ્રેમ ઈશ્વર છે એ સમજાવી ગયો.
શબ્દથી કાયમ ભલે ના-ના કહે
'હા' હું એની આંખમાં પામી ગયો.
આથી મોટો શું પુરાવો પ્રેમનો?
દૂર બેસીને મને ચાહી ગયો.
એ મને ક્યાં હારવા દે કોઈ'દી,
એ ફક્ત ભ્રમણા હતી, હારી ગયો.
એણે કીધું જીતી જઈશ તું પ્રશાંત,
અડધી બાજી ત્યાંજ હું મારી ગયો.



પ્રશાંત સોમાણી
(સુરત)

---

અખંડ મનમૌજી આલાપે,
બેફિકર, અલ્લડ મસ્તીએ..
ઓ જિંદગી,,, મેં તને, છલકાવી છે!!!!
બેજુબાં..... અંદરુની હિમ્મતે,
બોલકી.... બાહરી સાત્વનાએ,,
સદભાવના ની,,,,,,,,, કેડીએ
આપસી સુઝ-બુઝ ના સહારે
ઓ જિંદગી,,, મેં તને, છલકાવી છે!!!
ભુલીને..... ભુતકાળ ની ભુલ,
ઉભારી આવતીકાલ ની આશ...
ઓ જિંદગી,,, મેં તને, છલકાવી છે!!!
સ્વજનના... સુંવાળા સથવારે,
મનમીત ના....... મીઠા હોંકારે...
ઓ જિંદગી,,,મેં તને, છલકાવી છે!!!
અંગત મિત્રોના....... ×તુંકારે×
સ્વસ્થ સ્પર્ધાના.......×ટંકારે×
ઓ જિંદગી,,, મેં તને, છલકાવી છે!!!
ધરમ ની... આસક્તિએ,
પરમ ની...... અપેક્ષાએ,,,
ઓ જિંદગી,,, મેં તને, છલકાવી છે!!!
ઓ જિંદગી,,, મેં તને, છલકાવી છે!!!



નિમિષ દેસાઈ
નિમિષ
(અમદાવાદ )

---

તારી યાદોં સામે આવીને કરે રોજ ખેંચાણ...
ગુસ્સો કરીને પણ પાસે આવે કરે નવી મોંકાણ...
હૃદય વટાવીને કર્યું છે મેં તો પ્રેમનું નવું રોકાણ...
હમસફર તને જ બનાવવો છે આતો કરું છું જાણ...
તારા મારા વિચારોમાં આવે રોજ અનોખું ચઢાણ...
લડીએ ઝગડીએ તોય સાથે રચીએ પ્રેમ પુરાણ...
મળીશું કે નહીં આ ભવે એ વાતથી છીએ અજાણ...
રાહ જોતાં જોતાં જોજે નીકળી ના જાય પ્રાણ...
તારા માટે લાગણીનું ઝરણું વહાવી નવું રચવું છે આકર્ષણ...
અતુટ સંબંધ નિભાવવા મારે કરવું છે દીલથી આત્મ સમર્પણ...
થાકી જવાયું છે લઈ જાજે યાદોંને કરે છે મન પર આક્રમણ...
એકવાર આવી જાજે તારી રાહમાં હૃદયે સતત રટાતુ તારું જ સ્મરણ...



ભાવિકા દીપન વ્યાસ
"ભાવ"(જૂનાગઢ)

## ચાંદની રાતે.....

રજની વેળા નભથી જ્યાં એ ચાંદની વર્ષા થાતી,
તેજ ઝરતી જોબનવંતી ત્યાં અંગોપાંગ નીખરતી.
સુંવાળી મખમલી ચાદર જ્યાં ધરણી પર સજાતી,
એ ઝાકળ ભીના સ્પર્શે ત્યાં શીતળતા પથરાતી.
નીરવતા ચીરી વ્યાકુળ એ ધબકારા પડઘાતા,
ઝૂરતા તરસ્યા નયનથી ત્યાં પ્રેમામૃત પીરસાતા.
શરમના નેપથ્ય આડે જે પ્રણય તૃષ્ણા પાંગરતી,
ઉત્કંઠિત હૈયાની તૃપ્તિ એ કુદરત પણ નીરખતી.



પૂર્વી વ્યાસ મહેતા
(અમદાવાદ)

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પાલનપુર તાલુકા ટીમ દ્વારા ભારતીય નવ વર્ષની ઉજવણી કરાઈ

બનાસકાંઠા બ્યુરો
રીપોર્ટ : દીલીપ ગોહીલ

આજ રોજ વર્ષ પ્રતિપદા કાર્યક્રમ કંથેરીયા હનુમાન મંદિર પાલનપુર ખાતે ઉજવવામાં આવ્યો જેમાં મહંત શ્રી શિવગીરી મહારાજ ,રવિ ગિરિ મહારાજ .. મુખ્ય વક્તા શ્રી નૈલેશભાઈ જોશી વિભાગ બૌદ્ધિક પ્રમુખ, અને નાથુભાઈ ઘોયા ઉપાધ્યક્ષ, બ. કા ધીરજભાઈ ચૌધરી અધ્યક્ષ પાલનપુર, ડૉ વિષ્ણુભાઈ મોદી માધ્યમિક સંવર્ગ મહામંત્રી શ્રી બનાસકાંઠા, નિમેષભાઈ મકવાણા પાલનપુર તાલુકા મંત્રી, ભામીની બેન ગજ્જર વિભાગ સંયોજીકા આશાબેન,તાલુકા મંત્રી, શ્રદ્ધાબેન,રમીલા બેન, મનીષા બેન અને પાલનપુર તાલુકા




કોષાધ્યક્ષ ભુપેન્દ્રભાઈ ,અને દેવરામ ભાઈ રમેશ ભાઈ શૈલેષ ભાઈ હરેશ ભાઈ , તાલુકાના કાર્યકર્તા બંધુઓ ઉપસ્થિત રહ્યા હતાં.જેમાં સંગઠન દ્વારા બંને મહંતશ્રી અને મુખ્ય વક્તા શ્રી ને ફૂલહાર અને ખેસ પહેરાવી , ગીતાજી અને કર્મના સિદ્ધાંતો પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું સંગઠનનાં કાર્યકર્તા દ્વારા હનુમાન જયંતી પ્રસંગે કંથેરિયા હનુમાન મંદિર માં ૩૦૦૦/ રૂપિયા નું રોકડ દાન કરી દાન નો મહિમા વ્યક્ત કાર્યો, મુખ્ય વક્તા શ્રી દ્વારા ચૈત્ર સુદ એકમ ભારતીય નવુ વર્ષ ની ઉજવણી શા માટે? એ વિષય પર પ્રાચીન શિક્ષણ પ્રણાલી, રામાયણ,બ્રમહાજી, એ જયારે શ્રુષ્ટિ રચના કરી એ વખતના વિવિધ પ્રસંગો યાદ અપાવી ખુબ જ સુંદર બૌદ્ધિક આપવામાં આવ્યું સાથે પારિવારિક સ્નેહમિલન માં વિચારોના આદાનપ્રદાન કરી શાંતિ મંત્ર બોલી વિશ્વ કલ્યાણની કામના કરી



આજરોજ ગુજરાત પ્રદેશ ભાજપ મેડિકલ સેલ ધ્વારા પંચમહાલ જીલ્લા ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ મેડિકલ સેલના કન્વીનર ડોક્ટર શીરીષભાઈ ભટ્ટ ના માર્ગદર્શન હેઠળ નમો ક્રિકેટ ટુર્નામિન્ટ નુ આયોજન કરવામા આવેલ, જેમા ગુજરાત પ્રદેશ ભાજપ મેડિકલ સેલ ના કન્વીનર ડૉ.શીરીષભાઈ ભટ્ટ, મધ્યઝોન ભાજપ મેડિકલ સેલ આઈ.ટી. કન્વીનર ડોક્ટર પરાગભાઈ પંડયા, પૂર્વ પંચમહાલ જીલ્લા યુવા ભાજપ પ્રમુખ પ્રોફેસર હર્ષ દવે, પંચમહાલ જીલ્લા મેડિકલ સેલ કન્વીનર, મહીસાગર જીલ્લા મેડિકલ સેલ કન્વીનર ડોક્ટર મૃણાલ મકવાણા સહીત મહાનુભાવો એ હાજરી આપી. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ મેડિકલ સેલ ના સંયોજક ડોક્ટર શીરીષભાઈ ભટ્ટ ધ્વારા સ્વસ્થ ગુજરાત માટે રમતગમત ને વધુમા વધુ પ્રોત્સાહન આપવા જણાવ્યુ હતુ.

રિપોર્ટ. ભીખાભાઈ માછીમહીસાગર

### વિસ્તરણ અધિકારી ખોટી તપાસ કર્યાના અરજદારનો આક્ષેપ

# છાપી હાઈવે પર માલેતુજાર દબાણદારો નો રસ્તા સહિત કોમન પ્લોટ પર બથામણીયો કબજો

## છાપી હાઈવે પર થયેલ દબાણ દૂર કરવા રજુઆત છતાં હજુ સુધી પહેલા માળે પણ દબાણ ની કામગીરી ચાલુ કરાઇ




છાપી હાઈવે નજીક આવેલ દબાણ દૂર કરવા રજુઆત કરવામાં આવી હતી પરંતુ છાપી વિસ્તારના વિસ્તરણ અધિકારીએ ખોટી તપાસ કર્યા નો આક્ષેપ સાથે યોગ્ય પગલાં લેવા અરજદારે જિલ્લા વિકાસ અધિકારીને રજુઆત કરી છે.

વડગામ તાલુકાના છાપી ખાતે રહેતા અબ્દુલહક પટેલએ છાપી હાઈવે સર્વે નંબર ૨૭૪/૧/૨ માં થયેલ દબાણ મામલે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ અરજી કરી હતી જેના આધારે છાપી પંચાયત વિસ્તરણ અધિકારીએ તપાસ કરી અહેવાલ જિલ્લા વિકાસ અધિકારીને સુપરત કર્યો હતો.આ બાબતે અરજદાર અબ્દુલહક ઈસ્માઈલ નેદરીયા (પટેલે) આક્ષેપ કર્યા હતા કે, છાપીમાં વિવાદ વાળી જગ્યાની અરજી આપી હતી જેમાં દબાણદારો દ્વારા રસ્તામાં પોતાના હોટલ ના ગટર ના સાત જેટલાં ચેમ્બર બનાવી દિધા છે તેમજ વિસ્તરણ અધિકારી તેઓને સ્થળ પર બોલાવ્યા વગર સ્થળ ચકાસણી કરી તેમજ જે લોકોએ ગેરકાયદેસર દબાણ કર્યું એમને બોલાવી ખોટું પંચનામું કરી તાલુકા વિકાસ અધિકારીને મોકલેલ જેમાં તેઓ નો વાંધો છે જેતે સમયના તાલુકા વિકાસ અધિકારી કે.કે.ચૌધરી દ્વારા ૧૮માર્ચ ૨૦૨૧ ના રોજ સ્થળ તપાસ કરી દબાણ નક્કી કરેલ હતું પરંતુ એ પણ હજું સુધી અધ્ધરતાલ છે જેથી છાપી હાઈવે વડગામ રોડ પર થયેલ દબાણ જેમાં પ્લોટ ૧૫ થી ૧૮ જેમાં અમી રેસ્ટોરેન્ટ બનાવેલ છે અને દુકાનો બનાવેલ છે તેમજ પ્લોટ નંબર ૧૯ અને ૪૪ પશ્ચિમે બાજુવાળી તમામ દબાણ છે. આશરે ૮૩૩ સ્કેર ફુટ પાર્કિંગ પેલેસ (કોમન પ્લોટમાં) દબાણ છે તે દૂર કરવુ તેમજ પાર્કિંગ ખોવાઇ ગયું છે તે સુનિશ્ચિત કરવું તેમજ વિસ્તરણ અધિકારી એ ખોટી તપાસ કરી પંચનામું કરેલ તમામ અધિકારીઓ પર યોગ્ય પગલાં તેમજ દબાણ વળી જગ્યાઓ નકશા લે આઉટ પ્લાન વિસ્તરણ અધિકારી કે અન્ય સરકારી એજન્સી પાસે તપાસ કરાવે તેમજ જે દિવસે સ્થળ ચકાસણી હોય તે દિવસે અબ્દુલહક એમને હાજર રાખવા વિનંતી.આ જગ્યા ની પાસે મસ્જિદ આવેલી હોવાથી ત્યાં આવતા જતા તમામ લોકોને અગવડતા પડે છે જેથી આ દબાણ નો વહેલામાં વહેલી તકે નિર્ણય આવે....

અરજદાર એ માંગ કરી છે અગાઉ જિલ્લા વિકાસ અધિકારી એ બનાવેલ લે આઉટ પ્લાન માં તાલુકા વિકાસ અધિકારી એ કેવી રીતે બદલી કરી તે તપાસ નો વિષય છે તેમજ આવી ખોટી તપાસ કરતા છાપી પંચાયત વિસ્તરણ અધિકારી ની બદલી કરવી જોઈએ તેમજ તેમની પર યોગ્ય તપાસ થવી જોઈએ તેવી માંગ ઉઠી છે તેમજ હાલમાં આ વિવાદિત જગ્યાએ ચાલતું કામ તાત્કાલિક ધોરણે બંધ કરવામાં આવે અને યોગ્ય તપાસ કરી નિર્ણય ન આવે ત્યાં સુધી સ્થગિત કરવામાં આવે...

અહેવાલઃ-પ્રદિપ પરમાર

# છોટાઉદેપુર જિલ્લામાં ખનીજ માફિયાઓનું બેફામ ખનન, ઓરસંગ નદીમાં રહેલો રેતીનો પટ ખાલીખમ્મ

,છોટાઉદેપુર,તા.૩

છોટાઉદેપુર જિલ્લામાં અતિ કીમતી કહી શકાય તેવો ખનીજનો ભંડાર કુદરતે આપ્યો છે. પરંતુ ખનીજ માફિયાઓ જે રીતે બેફામ ખનન કરી રહ્યા છે તે જોતાં લાગી રહ્યું છે કે આવનારા સમયમાં અતિ કીમતી ખનીજનું નામો નિશાન નહીં રહે.

છોટાઉદેપુર જિલ્લામાં સાત જેટલી અલગ અલગ ખાણો આવેલ છે. ડોલોમાઈટની ૬૭ , માર્બલની ૧ ગ્રેનાઇટની ૫? બ્લેક ટ્રેપની ૯ ગ્રેવલ ની ૨ ઓર્ડિનરી સેન્ડની ૩૧૩ લીજો આવેલ છે. જેમાં ખાસ કરીને છોટાઉદેપુર જિલ્લામાંથી પસાર થતી ઓરસંગ નદીની રેતી કે જે સફેદ સોનું ગણાય છે. તે રેતીમાં સિલિકોન નામનું એક તત્વ રહેલ છે. જેની ગુણવત્તાને લઈ પૂરા દેશમાં તેની માંગ ઉઠી છે. દિવસ અને રાત રેત માફિયાઓ દ્વારા સતત રેતીનું ખનન થઈ રહ્યું છે. જેન લઈ નદીમાં રેતીથી ભરેલ તટ ખાલી થઈ રહ્યો છે. પણ તેની પર રોક લગાવવામાં નથી આવી રહી.

મધ્ય પ્રદેશના ભાભરાથી નીકળી ગુજરાતના ચણોદ નજીકથી પસાર થતી નર્મદા નદીમાં ઓરસંગ નદી ભળે છે. છોટાઉદેપુરથી ચણોદ સુધીનો લગભગ ૧૦૦ કિમીનો પટ છે. આ ઓરસંગ નદીની રેતી જે રીતે રેતી ઉલેચાઇ રહી છે તે એક ગંભીર બાબત લોકો ગણાવી રહ્યા છે. છોટાઉદેપુર નજીકથી પસાર થતી ઓરસંગ નદીનો પટ હવે ખાલી થવાના આરે આવીને ઉભો છે. છોટાઉદેપુરના એક વિસ્તારમાં તો ફક્ત રેતીની જગ્યાએ બસ હવે પથ્થરો જ રહી ગયા છે . જ્યાં રેતીનું નામો નિશાન નથી રહ્યું.

છોટાઉદેપુર વિસ્તારની ભૌગોલિક સ્થિતીની જો વાત કરીએ તો ચોમાસા બાદ પાણીના સ્તર નીચે જતાં રહેતા હોય છે . વર્ષો પહેલા ઓરસંગ નદીમાં રેતીનો ભરાવો રહેતો હતો. ત્યારે પાણીના જળસ્તર જળવાઈ રહેતા હતા. હવે જ્યારે રેતી જ નથી રહી ત્યારે પાણી માટેની મુશ્કેલી ઊભી થઈ રહી છે. જેને લઈ છોટાઉદેપુર નગર પાલિકા દ્વારા જળસ્તર ટકી રહે તે માટે નિર્થક કહી શકાય તેવા પ્રયાસો હાથ ધરાયા છે. નગર નજીક પસાર થતી ઓરસંગ નદીના પટમાં આડ ડેમ અઢી કરોડના ખર્ચે હાલમાં બનાવવામાં આવ્યો. પણ તેમાં પણ આજે પથ્થરો જોવાઈ રહ્યા છે. નગર પાલિકાના સભ્ય પણ જણાવી રહ્યા છે કે વારંવાર તંત્રમાં રેતી ખનન પર રોક લગાવવામાં આવે તેવી રજૂઆતો સરકારમાં કરી છે.

પાવીજેતપુર તાલુકામાંથી પસાર થતી ઓરસંગ નદીમાં એક સમયે રેતીના પટમાં તરબૂચ , શક્કરટેટી , કાકડી , કારેલાં જેવી ખેતી કરવામાં આવતી હતી. પણ આજે એ સ્થિતી થઈ છે કે જે જગ્યાએ આ ખેતી કરવામાં આવતી હતી. તે જગ્યાએ ખાણ માફિયાઓ દ્વારા ઊંડા ઊંડા ખાડા કરી દીધા છે. જે રીતે ખેતી થતી હતી. તેને લઈ પંચાયતને એક આવક મળતી હતી. હવે ખાણ ખનિજ વિભાગમાં રોયલ્ટી રેતી ઉલેચનારા આપી રહ્યા છે. તો બીજી બાજુ પંચાયતમાં રેતી કંકણની ગ્રાન્ટ મળતી હોય ગ્રામ પંચાયતના સરપંચ કંઇ બોલવા તૈયાર નથી. ખાણ ખનીજ દ્વારા માહિતી લેવામાં આવી. જેમાં ત્રણ વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં માઈનોર મિનિરલના જે છ સ્રોત છે તેમાંથી ૯૦ કરોડની રોયલ્ટી ખાણ ખનીજને મળી હોવાની જાણકારી મળી. જેમાં સૌથી વધુ ઓરસંગ નદીની રેતીની આવક હોવાનું જાણવા મળ્યું. જોકે અધિકારી કેમેરા સામે કોઈ વિગત આપવા તૈયાર નથી.

### મુખ્યમંત્રીએ હાજરી આપી

# સીદસર ઉમિયાધામમાં 'માનું તેડુ દશાબ્દી મહોત્સવની ઉજવણી

જામનગર,તા.૩

જામનગર જિલ્લામાં જામજોધપુર નજીક આવેલા સિદસર ખાતે કડવા પાટીદારોના કુળદેવી ઉમિયા માતાજીના સાનિધ્યમાં વર્ષ ૨૦૧૨માં યોજાયેલા રજત જયંતી મહોત્સવની ઉજવણીને દસ વર્ષ પૂર્ણ થતા આગામી આજે રંગારંગ રજત જયંતી દશાબ્દી મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એ હાજરી આપી છે. અહીં હિમોગ્લોબિનની ગોળીઓથી તેમની તુલા કરાઈ હતી. ઉમિયા ધામ સિદસરના પ્રમુખ જેરામભાઇ વાંસજાળિયાએ જણાવ્યું હતું કે ઉમિયા માતાજી મંદિર સિદસર (જૈહ્વજકી) દ્વારા રવિવારે સવારે ૯.૩૦ કલાકે યોજાનારા 'માનું તેડુ" કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રી પધારશે અને ત્યાં તેમની હિમોગ્લોબિનની ગોળીઓથી તુલા કરી મહિલાઓમાં વિતરણ કરાશે. આલેચ પર્વતમાળાની ગોદમાં વસેલા સિદસર ગામમાં વેણુ નદીના કાંઠે ભૂમિપૂજન, લોકાર્પણ, સ્મૃતિસમારોહના આ ત્રિવેણી સંગમ સમા દશાબ્દી મહોત્સવમાં સિદસર મંદિરે મા ઉમિયાનું પૂજન, અર્ચન, ધ્વજારોહણ કરવામાં આવશે. ઉમા કળશ યોજના પ્રારંભિક ધોરણે રાજકોટ શહેરમાં શરૂ થશે.

આ કળશ યોજના થકી પ્રત્યેક પાટીદાર પરિવાર દરરોજનો ૧ રૂપિયા લેખે વર્ષના ૩૬૫ રૂપિયા નિધિ જમા કરાવશે. રાજકોટ શહેરના ૨૫ હજાર પાટીદાર પરિવારો આ યોજનામાં પ્રથમ તબક્કે જોડાશે ત્યારબાદ સૌરાષ્ટ્રભરના બે લાખ પરિવાર સુધી આ યોજનાને લઈ જવાની નેમ છે. આ કળશ યોજના થકી એકત્ર થયેલી નિધિ અલગ-અલગ ક્ષેત્રે વપરાશે.

# સરસ્વતી તાલુકાના કાલોધી રેલવે ટ્રેકમાં યુવતી નું મોત

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના કારોની ગામ પાસે આવેલ રેલવે ટ્રેક પર તારીખ ૨,૪, ૨૦૨૨ ના મોડી સાંજના સુમારે એક યુવતી અગ્નિ કરુણા ટ્રેન નીચે આવી જતા કમાટી ભર્યું મોત નીપજયું હતું

સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ પાટણ જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી રેલવે ટ્રેક નીચે આવવાના કિસ્સા અવાર નવાર સામે આવી રહ્યા છે ત્યારે ગઈ સાંજના સુમારે મૂળ રાનેર ગામની ૧૯ વર્ષીય યુવતી સોનલ જાદવ દ્વારા કોઈ અગમ્ય રેલ્વે આવી જતા કમાટી ભર્યું મોત નીપજયું હતું અત્રે ઉલ્લેખનીય છે કે યોજાયેલ બનાવ અંગે અકસ્માત છે કે આત્મહત્યા તે અંગે સરસ્વતી તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### અમદાવાદની હવામાં ઝેર!

# પ્રદૂષણમાં મુંબઈ, દિલ્હીને અમદાવાદે છોડ્યું પાછળ, એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૧૧ પર પહોંચ્યો

,અમદાવાદ,તા.૩

ગુજરાત રાજયના શહેરોમાં દિવસેને દિવસે પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું છે. રાજયના મોટા શહેરોમાંના ખાસ કરીને અમદાવાદ શહેર પ્રદૂષણમાં પ્રથમ આવે છે. અમદાવાદનો એર ક્વોલિટી ઈન્ડેક્ષ ૩૧૧એ પહોંચી ગયો છે.

અમદાવાદમાં વધી રહેલા વાહનોની સંખ્યા અને ફેક્ટરીઓના ફાટી નીકળેલા રાફડાને કારણે પ્રદૂષણના પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે. હવામાં ઉડતી ધૂળ અને ધૂમાડાના કારણે હવા બિન આરોગ્યપ્રદ બની રહી છે.

અમદાવાદની હવા ઝેરીલી બની ગઈ છે. પ્રદૂષણમાં મુંબઈ અને દિલ્લીને પણ અમદાવાદે પાછળ છોડી દીધું છે. અમદાવાદનો એર ક્વોલિટી ઈન્ડેક્સ હવે ૩૧૧ પર પહોંચી ગયો છે. અમદાવાદની સરખામણીએ દિલ્લીમાં ૨૦૪ અને મુંબઈમાં ૨૯૭ એર ક્વોલિટી ઈન્ડેક્સ નોંધાયો હતો. પૂર્વ વિસ્તારમાં આવેલા કેમિકલ ઉદ્યોગોનો કારણે પ્રદૂષણના પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે.

હાલમાં, પૂર્વ વિસ્તારની સાથે સાથે પશ્ચિમ વિસ્તારમાં પણ પ્રદૂષણ વધુ જોવા મળી રહ્યું છે. અમદાવાદનો સરેરાશ ઈન્ડેક્સ ૩૧૧ નોંધાયો છે. જે ખૂબ વધુ કહી શકાય. અમદાવાદના વિવિધ વિસ્તારોની વાત કરીએ તો પીરાણામાં એકયુઆઈ ૨૭૫, નવરંગપુરામાં ૩૦૭, રાયખડમાં ૩૨૦, ચાંદખેડામાં ૧૮૧, બોપલમાં ૩૧૩, સેટેલાઈટમાં ૨૦૨, એરપોર્ટમાં ૨૮૭ અને લેકવાડમાં ૩૪૫ એર ક્વોલિટી ઈન્ડેક્સ નોંધાયો હતો. એર ક્વોલિટી ઈન્ડેક્સની વેબસાઈટના આંકડા પ્રમાણે અમદાવાદ શહેરની હવામાં પ્રદૂષણ ખૂબ વધ્યું છે.

આ આંક ૧૦૦ની આસપાસ હોય તો એ હવા પ્રમાણમાં સારી ગણાય. જ્યારે ૫૦ની નીચે રહે તો તે ઉત્તમ ગણાય. એર ક્વોલિટી ઈન્ડેક્સની વેબસાઈટ પ્રમાણે અમદાવાદનો એર ક્વોલિટી ઈન્ડેક્સ હાલમાં ૩૧૧ પર પહોંચી ગયો છે. એટલે કે અમદાવાદની હવા ઝેરી બનતી જઇ રહી છે.

# આગામી નાણાકીય વર્ષમાં બેંકો જામનગર જિલ્લામાં રૂપિયા ૫૭૫૨.૨૬ કરોડનું ધિરાણ કરશે

જામનગર,તા.૩

જામનગર જિલ્લામાં લીડ બેંક તરીકે ફરજ બજાવતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનાં એકમે સમગ્ર જિલ્લાનો વર્ષ ૨૦૨૨ -૨૩ નો રૂપિયા ૫૭૫૨. ૨૬ કરોડનો અગ્રીમ ક્ષેત્રનાં ધિરાણનો પ્લાન બનાવી જિલ્લા કલેકટર ડો.સૌરભ પારઘી સમક્ષ અમલીકરણ માટે રજૂ કરેલ છે. ક્રેડીટ પ્લાનનાં અમલીકરણ અર્થે વિમોચન કરવા માટેની લીડ બેંક દ્વારા યોજવામાં આવેલ બેઠકમાં જિલ્લા કલેકટર ડો.સૌરભ પારઘીએ લીડ બેંક જામનગરના સ્ટાફને અભિનંદન પાઠવતા જણાવ્યું હતુ કે તમામ બેંકો દ્વારા અગ્રીમતા પ્રાપ્ત ક્ષેત્રોને ૧૦૦ ટકા ધિરાણ કરી લક્ષ્યાંકો પૂર્ણ કરવામાં આવશે તેમાં બેમત નથી.વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂપિયા ૪૫૯૨.૭૨ કરોડના ધિરાણ સામે તા ૩૧ માર્ચ સુધીમાં રૂપિયા ૫૦૪૧.૧૫ કરોડનું ધિરાણ કરીને સમગ્ર વર્ષનો લક્ષ્યાંક ડીસેમ્બર-૨૦૨૧ માં જ પૂર્ણ કરેલ છે અને ૧૦૦ ટકા સિધ્ધી હાંસલ કરેલ છે તે બાબત પણ સરાહનીય છે.



બેઠકનાં પ્રારંભે સ્વાગત પ્રવચન કરતાં લીડ બેંક ઓફિસ જામનગરના ચીફ મેનેજર દીક્ષીત ભટ્ટે જણાવેલ કે જામનગર જિલ્લામાં ભારતીય સ્ટેટ બેંક લીડ બેંક તરીકે પોતાની ફરજો સુચારૂ રીતે બજાવી રહી છે.વર્ષ ૨૦૨૨ -૨૩ માટેનાં ક્રેડિટ પ્લાનની વિગતો આપતા તેઓએ જણાવેલ કે આવતા વર્ષમાં અગ્રીમતા પ્રાપ્ત ક્ષેત્રોને રૂપિયા ૫૭૫૨. ૨૬ કરોડનું ધિરાણ બેંકો દ્વારા કરવામાં આવશે. ગત સાલના મૂળ પ્લાન કરતાં ચાલુ સાલનાં લક્ષ્યાંકો રૂપિયા ૧૧૬૧.૫૦ કરોડ વધુ રાખવામાં આવેલ છે. કૃષી ક્ષેત્રમાં રૂપિયા ૩૪૫૫.૯૭ કરોડ, મધ્યમ અને નાના ઉદ્યોગ ક્ષેત્રમાં રૂપિયા ૧૮૪૭.૧૭ શિક્ષણ ક્ષેત્રમાં રૂપિયા ૧૦. ૧૩ કરોડ આવાસ ક્ષેત્રમાં રૂપિયા ૩૦૦ . ૨૬ કરોડ તથા અન્ય અગ્રીમ ક્ષેત્રમાં રૂપિયા ૧૨૩.૭૨ કરોડ ના ધિરાણના લક્ષ્યાંકો રાખવામાં આવેલ છે.

આ બેઠકમાં જિલ્લા કલેકટર ડો.સૌરભ પારઘી, જિલ્લા વિકાસ અધિકારી મિહીર પટેલ, રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયાનાં અગ્રીમ બૅંક ઓફીસર સંસ્કાર વિજય, એસ.બી.આઇ. નાં આર.બી.ઑ.-૩ નાં રિજયોનલ મેનેજર બળદેવ પટેલ, એસ.કે.રાઠોડ એ.જી.એમ. બી.ઓ.બી, એ.સી. મહેતા એ.જી.એમ. સૌરાષ્ટ્ર ગ્રામિણ બેંક, નરેશ ઠાકુર એ.જી.એમ. સી.બી.આઇ, હાજર રહ્યા હતાં. આ કાર્યક્રમ માં વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર બેંકોનું જિલ્લા કલેકટર જામનગર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# કેજરીવાલ અને ભગવંત માને શાહીબાગના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કર્યા



,અમદાવાદ,તા.૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની અમદાવાદની મુલાકાતના આજે બીજા દિવસે સવારે તેઓએ શાહીબાગ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી. મંદિરમાં સ્વામિનારાયણ ભગવાનના દર્શન કર્યા હતા. સ્વામિનારાયણ મંદિર પરિસર નિહાળ્યું હતું. બંને નેતાઓની સ્વામિનારાયણ મંદિરમાં મુલાકાતને પગલે ચુસ્ત પોલીસ બંદોબસ્ત મંદિરમાં ગોઠવી દેવામાં આવ્યો હતો. દરેક વ્યક્તિને ચેક કરી અને મંદિરમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. સ્વામિનારાયણ મંદિરમાં ૩૦ મિનિટ સુધી બંને નેતાઓ હાજર રહ્યા હતા. સ્વામિનારાયણ ભગવાનને અભિષેક પણ તેઓએ કર્યો હતો.સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરી તેમણે મંદિરના સ્વામી સાથે મુલાકાત કરી હતી. બાદમાં તેઓ પરત હોટલ જવા રવાના થયા હતા.

ગઈ કાલે બંને નેતાઓએ રોડ શો પહેલાં ખોડિયાર માતાજીના મંદિરમાં દર્શન કર્યા હતાં. આ પ્રસંગે ભગવંત માને કહ્યું કે, ખોડિયાર માતાના આશીર્વાદ લીધા છે. તેમણે કહ્યું હતું કે, અમે લડાઈ લડીએ છીએ તેમાં મા શકિત આપે. તમે મોટી સંખ્યામાં આવ્યા છો. તમારી દેશભક્તિમાં કોઈ કમી નથી. ભીડ અને તિરંગો અરવિંદ કેજરીવાલ માટે નવી વાત નથી. દિલ્લી પંજાબ તો થઈ ગયું. હવે અમારું ગુજરાત' કહેતા જ લોકોએ બુમાબુમ કર્યું હતું.રોડ શો નિકોલ ઉત્તમનગર ખોડિયાર મંદિરથી બાપુનગરબ્રિજ ડાયમંડ ચાર રસ્તા સુધી યોજાયો હતો. બંને નેતાની તિરંગાયાત્રામાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ભાગ લેવા પહોંચ્યા હતા. નિકોલથી ઠક્કરબાપાનગર બ્રિજ સુધીનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. રોડ શોને પગલે રૂટ પર તેમજ બંને નેતાનાં વાહન સાથે ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ઘણા બધા લોકો રોડ શો જોવા ધાબા-છાપરાં પર ચડી ગયા હતા, જ્યારે સંતરામપુરથી કેટલાક કાર્યકરો વાજિંત્રો સાથે આવી પહોંચ્યા હતા.

અરવિંદ કેજરીવાલ અને ભગવંત માને સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. તેમણે ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. એ ઉપરાંત તેમણે હૃદયકુંજની પણ મુલાકાત લીધી હતી. દિલ્હીમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઘર પર હુમલાને પગલે ગુજરાતમાં પણ આવી કોઇ ઘટના ન બને એના માટે તેમની સુરક્ષા વ્યવસ્થામાં પણ વધારો કરવામાં આવ્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.